# મુહર્રમમાં શું જાઈઝ શું નાજાઈઝ ?

લેખક : મૌલાના તત્હીર અહમદ રઝવી
(પ્રકાશન વિભાગ : મદ્રસા ઈસ્લામિયા ગુલશને રઝા,
ધોનરા, જિ. બરેલી શરીફ, યુ.પી.)

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

પ્રકાશક :-

અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા
GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ,
ફોન : (૦૨૬૪૨) (ઓફિસ) ૨૮૦૦૧૧,(ઘર) ૨૮૦૧૯૨,
૨૮૦૨૯૨, Web. barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

| | | |
|---|---|---|
| પ્રકાશન નં.: ૧૬૭ | આવૃત્તિ–૧ | પ્રત:૪૫૦૦ |
| ૧ મુહર્રમુલ હરામ | હિ.સ. ૧૪૨૯ | જાન્યુઆરી–૨૦૦૯ |

પોસ્ટકાર્ડ લખી કે SMS કરી મફત મંગાવો !
94274 64411 | 94278 17399
નૂરાની આર્ટ–દયાદરા

## યે નૂરે અહમદ કા તસદ્દુક઼

–::: અઝ :::–

હઝરત આલે રસૂલ સૈયદ હસ્નૈનમિયાં નઝમી મારહરવી
(સજ્જાદાનશીન ખાનકાહે આલિયા બરકાતિયા–મારહરા શરીફ, યુ.પી.)

હુસૈન કે નામે પાક પર આજ નૂરી મેલા જો સજ ગયા હૈ
યહ નૂરે અહમદ કા હૈ તસદ્દુક઼ હર એક નૂરી બના હૂઆ હૈ

દરે નબી પર હુસૈન આએ હૈં, અર્ઝ કરને સલામે રૂખસત
લિપટ લિપટ કર મઝાર સે અબ, નવાસા નાના કા રો રહા હૈ

નબી કા યે લાડલા નવાસા, ખળા હૈ મૈદાં મેં ભૂકા પ્યાસા
વો જિસ્કા કૌષર પે હૈ ઈજારા, ઉસીકા સુખા હુઆ ગલા હૈ

ભતીજે બેટે હૈ ગિરતે જાતે, જિગર કે ટુકળે હૈ કટતે જાતે
હુસૈન આગે હૈ બળ્હતે હૈ જાતે, રવાં જિનાં કો યે કાફિલા હૈ

યઝીદિયોં કો પરે હટાએં, ફુરાત પર વો ઈમામ આએં
મગર યે પાની પિયે તો કૈસે, ખયાલ ઝૈનબ કા આ ગયા હૈ

હમારી સારી નમાઝે કુર્બાં, ઉસ એક સજદે કી અઝમતોં પર
વો સજદા જો ફાતિમા કે બેટેને કર્બલા મેં અદા કિયા હૈ

ખુદા કે રસ્તે મેં ઘર લૂટાના, હમેશા હક્ક઼ કા હી સાથ દેના
યે વો સબક હૈ હુસૈનને જો, ગલા કટાકર હમે દિયા હૈ

હુસૈન કા નામ ઔર માતમ ! નહીં યે એહલે સુનન કા શેવા
શહીદ મરતે નહીં હૈ **'નઝમી'** કુર્આન એલાન કર રહા હૈ

بسم الله الرحمن الرحيم

પ્યારા દીની ભાઈઓ ! ઈસ્લામ ધર્મમાં એક અલ્લાહની ઈબાદત જરૂરી છે, સાથોસાથ તેના નેક બંદાઓ સાથે મહોબ્બત તથા અક઼ીદત પણ જરૂરી છે. અલ્લાહના નેક સારા તથા મુક઼દ્દસ બંદાઓ સાથે અસલી સાચી તથા હક઼ીક઼ી મહોબ્બત તો એ છે કે તેમના થકી અલ્લાહે જે માર્ગ દેખાડયો છે તેના પર ચાલવામાં આવે, તેમનું કહેવું માનવામાં આવે, આપણું જીવન તેમના જીવન જેમ બનાવવાની કોશિશ કરવામાં આવે. એની સાથોસાથ ઈસ્લામના વર્તુળમાં રહીને તેમની યાદ મનાવવી, તેમનો ઝિક્ર તથા ચર્ચા કરવી, તેમની યાદગારો ક઼ાયમ કરવી પણ મહોબ્બત તથા અક઼ીદત છે. અને અલ્લાહના જેટલા પણ નેક ચહીતા બંદાઓ છે તે સૌના સરદાર તેના અંતિમ રસૂલ હઝરત મુહમ્મદ ﷺ છે. તેમનો મર્તબો એટલો મહાન છે કે અલ્લાહના મહબૂબ છે અને જેને દીન તથા દુનિયાનું જે કાંઈ પણ અલ્લાહે આપ્યું છે અને આપે છે અને આપશે સર્વ તેમનો જ ઝરીયો તથા વસીલો અને સદક઼ો છે. તેમનો જ્યારે વિસાલ થયો અને જ્યારે દુનિયાથી તશરીફ લઈ ગયા તો તેમણે પોતાના નિકટવર્તી બે પ્રકારના લોકો છોડયા હતા, એક તો એમના સાથી જેમની સહાબી કહે છે, તેમની સંખ્યા હુઝૂર ﷺના વિસાલના સમયે એક લાખથી વિશેષ હતી. બીજી હુઝૂર ﷺની આલ ઔલાદ અને આપની પવિત્ર બીવીઓ જેમને અહલે બૈત કહે છે. હુઝૂર ﷺના નિકટવર્તી આ સર્વ લોકોથી મહોબ્બત રાખવી મુસલમાનના માટે અત્યંત જરૂરી છે. હુઝૂરના અહલે બૈત હોય કે આપના સહાબી, એમનામાંથી કોઈને પણ બુરુ ભલુ કહેવું અથવા તેમની શાનમાં ગુસ્તાખી તથા





બેઅદબી કરવી એ મુસલમાનોનું કામ નથી. એવું કરનાર ગુમરાહ તથા બદ્દીન છે, તેનું ઠેકાણુ જહન્નમ છે. હુઝૂર ﷺના અહલે બૈતમાં એક મહાન હસ્તી ઈમામ આલી મક઼ામ સૈયદના 'હુસૈન' رضی اللہ عنہ પણ છે. એમનો મર્તબો એટલો મહાન છે કે આપ હુઝૂર ﷺના સહાબી પણ છે અને અહલે બૈતમાંથી પણ છે. એટલે કે આપની પુત્રીના પ્યારા પુત્ર આપના પ્યારા તથા ચહીતા નવાસા છે. રાતભર જાગીને અલ્લાહની ઈબાદત કરનારા અને કુર્આને અઝીમની તિલાવત કરનારા, મુત્તક઼ી, પરહેઝગાર, બુઝુર્ગ અલ્લાહના ઘણા જ મહાન વલી છે. સાથોસાથ ઈસ્લામ ધર્મના માટે રાહે ખુદામાં ગળુ કપાવનાર શહીદ પણ છે.

મુહર્રમના મહીનાની દસ તારીખો પર અને જુમ્આના દિવસે હિ.સ. ૬૧ એટલે કે હુઝૂર ﷺના વિસાલના લગભગ પચાસ વર્ષો બાદ આપને તથા આપના સાથીઓ તથા ઘણા ઘરવાળાંઓને જાલિમોએ જુલ્મ કરીને કર્બલા નામના એક મેદાનમાં ત્રણ દિવસ તરસ્યા રાખીને શહીદ કરી આપ્યા. ઈસ્લામી ઈતિહાસનો આ એક દિલને હચમચાવી કાઢનાર દુઃખદ બનાવ છે, અને ૧૦ મુહર્રમ જે પહેલેથી જ એક ઐતિહાસિક તથા યાદગાર દિવસ હતો તેને આ બનાવે અધિક જીવંત કરી આપ્યો અને એ દિવસ હઝરત ઈમામ હુસૈનના નામથી ઓળખવા લાગ્યો, જાણે કે એ હુસૈની દિવસ થઈ ગયો અને બેશક ! એવું જ હોવું જોઈએ, પરંતુ ઈસ્લામ ધર્મ એક સીધો, સાચો, ગંભીરતાપૂર્ણ તથા શરાફ઼તવાળો ધર્મ છે અને તેની હદો નિશ્ચિત છે જેથી એમાં જે કાંઈ થાય તે મઝહબ તથા શરીઅતના વર્તુળમાં રહીને થાય તો જ એ ઈસ્લામી બુઝુર્ગોની યાદગાર કહેવાશે. અને જ્યારે આપણો કોઈ પણ તૌર તરીક઼ો મઝહબના નિયમોની બહાર નીકળી ગયો ત્યારે તે ગૈર ઈસ્લામી અને આપણા બુઝુર્ગોના માટે બદ્નામીનો સબબ થઈ ગયો. આપણે જેવું કરીશું તો આપણને જોઈને અન્ય ધર્મવાળા લોકો એવું સમજશે કે એમના બુઝુર્ગો પણ આવું જ કરતા હશે, કેમ કે ક઼ૌમ પોતાના

બુઝુર્ગો તથા પેશવાઓની ઓળખ હોય છે. જો આપણે નમાઝ પઢીશું, કુર્આનની તિલાવત કરીશું, જૂગાર, શરાબ, ગાયનો વાજિંત્રોથી તથા તમાશાઓથી બચીને ઈમાનદાર, શરીફ અને ભલા આદમી બનીને રહીશું તો જોનારા કહેશે કે જ્યારે આ લોકો આટલા સાચા છે તો એમના બુઝુર્ગ કેટલા સારા હશે. અને જ્યારે આપણે ઈસ્લામના જિમ્મેદાર ઠેકેદાર બનીને ઈસ્લામ અને ઈસ્લામી બુઝુર્ગોના નામ પર ગૈર ઈન્સાની હરકતો કરીશું તો યક઼ીનન ! જેમણે ઈસ્લામનો અભ્યાસ નથી કર્યો તેઓની નજરમાં આપણા મઝહબની ગલત ઓળખ થશે અને પછી કોઈ શા માટે મુસલમાન બનશે ?!

હુસૈની દિવસ એટલે ૧૦ મુહર્રમના સાથે કેટલાક લોકોએ આ જ બધું કર્યું અને ઈમામ હુસૈનના કિરદારને ભૂલી ગયા અને એ દિવસને ખેલ તમાશો, ગેર શરઈ રસ્મો નાચગાન, મેલા ઠેલાઓ તથા હરવા ફરવાનો દિવસ બનાવી આપ્યો. અને એવું લાગવા માંડયું કે જાણે ઈસ્લામ પણ અન્ય ધર્મોની જેમ ખેલ તમાશાઓ, હરવા ફરવા તથા રંગ રેલીઓવાળો ધર્મ છે. મુસલમાન કહેવાતા લોકોમાં એક નામ માત્રનો ઈસ્લામી ફિર્ક઼ો જેને રાફઝી એટલે શીઆ કહેવામાં આવે છે તેમને ત્યાં નમાઝ, રોઝા વગેરે શરીઅતના હુકમોના તથા દીનદારીના બારામાં તો કોઈ ખાસ મહત્વ નથી આપવામાં આવતું, બસ ! મુહર્રમ આવતાં રોવા, પીટવાનું, ચીસો પાડવાનું, કપડાં ફાંડવા તથા છાતી કૂટવાનું એ જ એમનો ધર્મ છે, જાણે કે તેમની નજીક અલ્લાહ તઆલાએ પોતાના રસૂલ ﷺને આ જ કામો કરવા તથા શીખવાડવા મોકલ્યા હતા અને એ સર્વ બેકાર વાતોનું નામ ઈસ્લામ છે.... ! જ્યારે કે હદીષે પાકમાં છે : હુઝૂર ﷺ ફર્માવે છે, "જે કોઈના ગમમાં ગાલ પીટે, ગરેવાન ફાડે, જાહિલિયતના જમાના જેવી ચીસો પાડે તે અમારામાંથી નથી." *(મિશ્કાત શરીફ, પેજ–૧૫૦)*

મઝહબે અહલે સુન્નત વ જમાઅતમાંથી ઘણા લોકો કેટલાક




રાફઝીઓ તથા કેટલાક પૂરાણા ગૈર મુસ્લિમો જેમને ત્યાં ધર્મના નામ પર જૂગાર રમવામાં આવે છે, શરાબ પીવામાં આવે છે, ઠેક ઠેકાણે મેળા કરીને સ્ત્રી પુરૂષોને ભેગાં કરી બેહયાઈની વાતો કરવામાં આવે છે તેવાઓની સોહબતમાં રહીને, તેમની સાથે ઉઠક બેઠક તથા રહેવા સહેવાના લીધે ખેલ તમાશાઓ તથા વાહિયાત વાતો ભરેલા મેળાઓને જ ઈસ્લામ સમજવા લાગ્યા અને વાંસ, કાગળ તથા પ્લાસ્ટિકના માળખાં બનાવીને તેના પર ચઢાવા ચઢાવવા લાગ્યા.

હક઼ીક઼તમાં એવું બને છે કે એવાં કામો જેમાં લોકોને ખૂબ મજા આવે તથા મનોરંજન તથા ગમ્મત મળે એવો રિવાજ કોઈ ચાલુ કરે તો ખૂબ જ જલ્દી તેવો રિવાજ પડી જાય છે અને ક઼ૌમ ખૂબ જલ્દી તેને અપનાવી લે છે, અને જ્યારે ધર્મના ઠેકેદારો તેને સવાબ બતાવી આપે છે તો પબ્લિક તેને ઓર પણ ઉમંગભેર કરવા લાગે છે કે આ સારું કે રંગરેલીઓ પણ થઈ ગઈ અને સવાબ પણ મળ્યો ! મનોરંજન તથા આનંદ ગમ્મત પણ થઈ ગઈ અને ખેલ તમાશા પણ થયા અને જન્નતમાં જવાનું કામ તથા ક઼બ્રનો આરામ પણ થઈ ગયો ! મોલ્વી સાહબ અથવા મિયાં સાહબે કહી આપ્યું છે કે આ બધું જાઈઝ તથા સવાબનું કામ છે, ખૂબ કરો ! અને અમે એવા મોલ્વી સાહબને નજરાણા આપીને ખુશ કરી આપ્યા છે અને તેમણે આપણને તાઝિયાં બનાવવા, ઘૂમાવવા, ઢોલ વગાડવા અને મેલા ઠેલા લગાડવા અને તેમાં જવાની ઈજાઝત આપી દીધી છે. અલ્લાહ નારાજ થાય કે તેના રસૂલ ! આવા મોલ્વીઓ તથા પીરોનું કામ એવું છે કે અમે પણ ખુશ અને પબ્લિક પણ અમારાથી ખુશ !

આ સર્વ છતાં પબ્લિકમાં એવા લોકો પણ ઘણા છે જેઓ ગલતી કરે છે પણ તેને ગલતી સમજે છે અને આ હરામને હલાલ બતાવનારા મોલ્વીઓની તેમની નજરમાં કોઈ ઔક઼ાત નથી રહેતી. એક ગામનો પ્રસંગ છે કે કોઈ તાઝિયાં બનાવનાર કારીગર ન મળતો હતો અથવા

ઘણી રકમની માંગણી કરી રહ્યો હતો તો ત્યાંની મસ્જિદના ઈમામે કહ્યું કે કોઈને બોલાવવાની જરૂર નથી, તાઝિયું હું બનાવી આપીશ ! અને ઈમામે ગામવાળાઓને ખુશ કરવા માટે ખૂબ જ ઉમદા, સરસ અને ખૂબસૂરત તાઝિયુ બનાવી આપ્યું, પણ પછી એ જ તાઝિયાદારોએ એ ઈમામને મસ્જિદેથી કાઢી મૂક્યો અને એવું કહીને તેનો હિસાબ કરી આપ્યો કે આ કેવો મોલ્વી છે કે તાઝિયાં બનાવી રહ્યો છે ! મોલ્વી તો તાઝિયાદારીથી મના કરે છે.

**ન ખુદા હી મિલા ન વિસાલે સનમ**
**ન યહાં કે રહે ન વહાં કે રહે**

હક઼ીક઼તમાં વાત એ છે કે સત્યમાં ખૂબ જ શક્તિ છે અને હક્ક઼ હક્ક઼ જ હોય છે અને સત્ય માથે ચઢીને બોલે છે અને હક્ક઼નું મહત્વ તેમને પણ હોય છે જેઓ હક્ક઼ પર નથી.

એમાં કોઈ શંકા નથી કે એક મોટી સંખ્યા આપણા સુન્ની ભાઈઓની ઈમામ હુસૈનની મહોબ્બતમાં ગલત ફહમીઓની શિકાર થઈ ગઈ છે અને ધર્મના નામ પર નાજાઈઝ હરવા ફરવા તથા આનંદ તમાશાનાં કામો કરવા લાગી છે તેમની ગલતફહમીઓને દૂર કરવા માટે અમે આ લખાણ સંપાદન કર્યું છે. આ ટૂંકા લખાણમાં અમે દર્શાવીશું કે આજકાલ મુહર્રમના મહિનામાં ઈસ્લામ તથા સુન્નિયતના નામ પર જે કાંઈ થાય છે એમાં ઈસ્લામી દષ્ટિએ સુન્ની ઉલમાના ફત્વાઓના પ્રમાણે જાઈઝ શું છે અને નાજાઈઝ શું છે ? કયા કામોમાં ગુનોહ છે અને કયા કામમાં સવાબ ? વાંચનાર તથા સાંભળનારાઓને વિનંતિ છે કે તેઓ જીદ તથા હઠધર્મીથી કામ ન લે, મૌત તથા ક઼બ્ર તથા આખેરતને દષ્ટિ સમક્ષ રાખે. મારા પ્યારા દીની ભાઈઓ ! આપણે સૌએ યક઼ીનન ! મરવાનું છે અને ખુદા તઆલાને મોઢું દેખાડવાનું છે, ત્યાં જીદ તથા હઠધર્મીથી કામ નહીં ચાલે. ભાઈઓ ! આંખો ખોલો અને મૃત્યુ પહેલાં હોશમાં આવી જાવ અને વાંચો, સમજો અને માનો.





## મોહર્રમમાં શું જાઈઝ છે ?

અમે પહેલાં જ લખી ચૂક્યા કે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ અથવા અન્ય મહાન ઈસ્લામી હસ્તીઓ સાથે અસલી સાચી મહોબ્બત તથા અક઼ીદત તો એ છે કે તેમના રસ્તા પર ચાલવામાં આવે અને તેમનો રસ્તો 'ઈસ્લામ' છે, પાંચેવ વખતની નમાઝોની પાબંદી કરવામાં આવે, રમઝાનના રોઝા રાખવામાં આવે, માલની ઝકાત કાઢવામાં આવે, શક્તિ હોય તો જીવનમાં એકવાર હજ્જ પણ કરવામાં આવે, શરાબ, ઝિના, જૂઠ, વ્યાજ, ગીબત, ફિલ્મી ગીતો, તમાશાઓ તથા પિક્ચરો વગેરે નાજાઈઝ તથા હરામ કામોથી બચવામાં આવે, કોઈનો હક્ક઼ ન મારવામાં આવે અને તેની સાથોસાથ તેમની મહોબ્બત તથા અક઼ીદતમાં નીચે દર્શાવેલાં કામો કરવામાં આવે તો કાંઈ વાંધો નથી બલ્કે ખૈર તથા બરકતનાં એ કામો છે.

## નિયાઝ તથા ફ઼ાતેહા

હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ તથા જે લોકો તમની સાથે શહીદ કરવામાં આવ્યા તેમના ઈસાલે સવાબના માટે સદક઼ા તથા ખૈરાત આપવામાં આવે, ગરીબો, મિસ્કીનોને, દોસ્તો, પડોસીઓ, સગાં સંબંધીઓ વગેરેને શરબત અથવા ખીચડો અથવા માલીદો વગેરે કોઈ પણ જાઈઝ ખાવા પીવાની ચીજ ખવડાવવી અથવા પીવડાવવી તથા તેની સાથે કુર્આની આયતો તિલાવત કરી આપવામાં આવે તો ઔર બેહતર છે. આ સૌને ઉર્ફે આમમાં નિયાઝ ફ઼ાતેહા કહે છે. એ સર્વ વિના શંકાએ જાઈઝ તથા મુસ્તહસન છે અને બુઝુર્ગોની અક઼ીદત પ્રદર્શિત કરવાનો સારો તરીક઼ો છે. પરંતુ એ બારામાં અમુક વાતોનું ધ્યાન રાખવું જરૂરી છે.

૧. નિયાઝ ફાતિહા કોઈ પણ હલાલ તથા જાઈઝ ખાવા પીવાની

ચીજ પર થઈ શકે છે એના માટે શરબત, ખીચડો તથા મલીદાને જરૂરી સમજવું જહાલત છે, અલ્બત્ત **એ ચીજો પર ફાતેહા આપવામાં કોઈ જ વાંધો નથી.** જો કોઈ આ વર્ણવેલ ચીજો પર ફાતેહા અપાવે છે તો તે કાંઈ જ બુરુ નથી કરતો. હા ! જો એને જરૂરી સમજે છે કે એના સિવાય કોઈ અન્ય ખાવા પીવાની ચીજો પર મુહર્રમમાં ફાતેહા સહીહ નથી જાણતો, તો એ જરૂર જાહિલ છે.

**૨.** નિયાઝ તથા ફાતેહામાં બડાઈ મારવાનું ન હોવું જોઈએ અને ખાવાપીવાની ચીજોમાં એકબીજાથી મુકાબલો ન કરવો બલ્કે જે કાંઈ પણ હોય અને જેટલું પણ હોય સર્વ કેવળ અલ્લાહવાળાઓના ઝરીયે અલ્લાહ તઆલાની નઝદીકી તથા રઝા હાંસલ કરવાના માટે હોય અને અલ્લાહના નેક બંદાઓથી મહોબ્બત એટલા માટે કરવામાં આવે છે કે તેમનાથી મહોબ્બત કરવું અને તેમના નામ પર ખાવા ખવડાવવાનું અને તેમની રૂહોને સારા કામોનો સવાબ પહોંચાડવાથી અલ્લાહ રાજી થાય છે અને અલ્લાહને રાજી કરવું જ દરેક માનવની જિંદગીનો મૂળ હેતુ છે.

**૩.** નિયાઝ ફાતિહાના તૌર તરીકા જે મુસલમાનોમાં રિવાજ પામેલ છે તે જાઈઝ તથા સારાં કામો છે, ફર્ઝ તથા વાજિબ નથી. જો કોઈ કરે છે તો સારું કરે છે અને નથી કરતો તો ગુનેહગાર નથી. હા ! કદી પણ અને તદ્દન ન કરવું મેહરૂમી છે. અને નિયાઝ તથા ફાતિહા ન કરનાર ગુનેહગાર નથી, હા ! એનાથી રોકનાર અને મના કરનાર જરૂર ગુમરાહ તથા બદ્દમઝહબ છે, અને બુઝુર્ગોના નામથી જલનાર છે.

**૪.** નિયાઝ ફાતેહા બુઝુર્ગોની હોય કે ઉમરવાળા વૃદ્ધોની હોય એના માટે બાલ બચ્ચાંને તંગ કરવાની કે કોઈને પરેશાન કરવાની કે ખૂદ પરેશાન થવાની અથવા એ કામોના માટે કરજ કે ચંદો લેવાની કોઈ જરૂરત નથી જેવો અને જેટલો મોકો હોય એટલુ કરે અને કાંઈપણ ન





હોય તો કેવળ કુર્આન કે કલ્મએ તૈયેબહ અથવા દુરૂદ શરીફ વગેરે ઝિક્રે ખૈર અથવા નફ્લ નમાઝ અથવા રોઝા રાખીને સવાબ પહોંચાડી આપવામાં આવે તો એ પૂરતુ છે, આ સંપૂર્ણ નિયાઝ તથા પૂરી ફાતિહા છે જેમાં કોઈ કમી એટલે શરીઅતની રૂએ ખામી નથી. ખુદા તઆલાએ ઈસ્લામ થકી બંદાઓ પર તેમની શક્તિઓથી વિશેષ બોજ નથી નાખ્યો. ઝકાત હોય કે સદકએ ફિત્ર કે કુર્બાની એ કેવળ એમના પર જ ફર્ઝ તથા વાજિબ છે જેઓ સાહિબે નિસાબ તથા શરીઅતને રૂએ માલદાર હોય, હજ્જ પણ તેમના પર જ ફર્ઝ કરવામાં આવ્યો જેના વશની વાત હોય, અકીકો તથા વલીમો તેમના જ માટે સુન્નત છે અને નિયાઝ તથા ફાતિહા, ઉર્સ વગેરે તો કેવળ બિદઅતે હસના તથા કેવળ સારાં તથા મુસ્તહબ કામો છે, ફર્ઝ કે વાજિબ નથી, એટલે શરીઅતની રૂએ લાઝિમ નથી જેથી નિયાઝ તથા ફાતિહાના માટે કરજ લેવાની કે જબરદસ્તી ચંદો લેવાની કે પરેશાન થવાની તથા બાળબચ્ચાંને તંગ કરવાની શું જરૂરત ?! બલ્કે હલાલ કમાઈથી આપણા બાળકોની પરવરિશ કરવી એ ખૂદ એક પ્રકારની બેહતરીન નિયાઝ તથા ઉમદા ફાતેહા છે.

સારાંશ કે ઉર્સ, નિયાઝ, ફાતિહા વગેરે બુઝુર્ગોની યાદગારો મનાવવાનો જે લોકો વિરોધ કરે છે તેઓ ગલતી પર છે તથા ગુમરાહ છે. અને જે લોકો કેવળ એ કામોને જ ઈસ્લામ સમજી બેઠા છે અને શરઅન એને લાઝિમ તથા અનિવાર્ય સમજે છે તેઓ પણ મોટી ભૂલમાં છે.

**૫.** નિયાઝ ફાતિહા હોય કે કોઈ અન્ય ખાવા પીવાની ચીજ એને લૂટાવવી, ભીડમાં ફેંકવી કે એની બેઅદબી થાય અને પગોની નીચે આવે અથવા નીક વગેરે ગંદી જગાઓ પર પડે એ એક ગલત તરીકો છે જેનાથી બચવું જરૂરી છે, જેમ કે મુહર્રમના દિવસોમાં કેટલાક લોકો પુરી, ગુલગુલે અથવા બિસ્કિટ વગેરે ધાબા પરથી ફેંકે તથા લૂટાવે છે, આ સૌ અયોગ્ય હરકતો છે.

## શહાદતનો ઝિક્ર

હઝરત સૈયદના ઈમામ હુસૈન તથા અન્ય હઝરાતે અહલે બૈતે કિરામનો ઝિક્ર ગદ્યમાં કે પદ્યમાં કરવો તથા સાંભળવો યક઼ીનન ! જાઈઝ છે અને ખૈરો બરકતનો તથા રહમતના નુઝૂલનો સબબ છે, પરંતુ એના અનુસંધાનમાં નીચે લખેલી અમુક વાતો ધ્યાનમાં રાખવી જરૂરી છે.

૧. શહીદોના ઝિક્રમાં સહીહ રિવાયતો અને સાચા વાક્યા બયાન કરવામાં આવે. આજકાલ અમુક ધંધાદારી મુક઼ર્રિરો તથા શાયરોએ અવામને ખુશ કરવા તથા તકરીરોને જમાવવા માટે અજબ ગજબના કિસ્સા અને અનોખી નિરાલી હિકા઼યતો, મનઘડત કહાનીઓ તથા કરામતો બયાન કરવું શરૂ કરી આપ્યું છે, કેમ કે અવામને એવી વાતો સાંભળવામાં મજા પડે છે. આજકાલના મોટાભાગના મુક઼ર્રિરોને અલ્લાહ વ રસૂલ કરતાં અવામને ખુશ કરવાની ફિકર રહે છે અને જાહેરી રીતે સત્ય કરતાં જૂઠમાં વધુ મજા છે, અને જલ્સા હવે અધિક્તર જાણે મજા માણવાના માટે થાય છે એ રીતે થાય છે.

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝાખાં મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ ફર્માવે છે :–

''શહાદતનામાં ગદ્ય કે પદ્યમાં જે આજકાલ પબ્લિકમાં રિવાજ પામેલ છે તે મોટાભાગે ધડ માથા વિનાની બાતિલ રિવાયતોથી ભરપૂર તથા જૂઠી બનાવટી રિવાયતો પર આધારિત છે. એવા બયાનને પઢવું તથા સાંભળવું તે શહાદતનામા હોય કે કાંઈ બીજુ કે મજલિસે મીલાદ મુબારક હોય ચાહે કાંઈ અન્ય, એ મુત્લકન **હરામ** તથા **નાજાઈઝ** છે.''

*(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૨૪, પેજ–૫૧૪, પ્રકાશક : રઝા ફાઉન્ડેશન લાહોર)*

**૨.** શહાદતના ઝિક્રનો મતલબ એ બનાવોને સાંભળીને બોધ ગ્રહણ કરવાનો હોય અને સાથોસાથ સાલેહીનના ઝિક્રની બરકત હાંસલ કરવાનો પણ હોય. રડવા તથા રડાવવા માટે બનાવો વર્ણન કરવા





નાજાઈઝ તથા ગુનોહ છે. ઈસ્લામમાં ત્રણ દિવસથી વધુ મૈયતનો સોગ જાઈઝ નથી. આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં رضی اللہ عنہ ફર્માવે છે :–

''શરીઅતમાં સ્ત્રીએ પોતાના પતિના મૃત્યુ પર ચાર મહિના દસ દિવસ શોક પાળવાનો હુકમ છે. અન્યની મૌતમાં ત્રણ દિવસ સુધી ઈજાઝત છે, બાકી હરામ છે. અને **દર વર્ષે શોકને દોહરાવવું કોઈના માટે હલાલ નથી.''** *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૨૪/૪૯૫)*

આ રડવું તથા રડાવવું એ શીઓઆના તૌર તરીક઼ા છે, કેમ કે એમની ક઼િસ્મતમાં એ જ લખેલું છે. રાફઝી, શીઆ ગમ મનાવે છે અને ખારજી ખુશી મનાવે છે અને સુન્ની કર્બલાના બનાવો સાંભળીને બોધપાઠ ગ્રહણ કરે છે અને દીનના ખાતર કુર્બાનીઓ આપવાનો સબક શીખે છે, અને તેમના ઝિક્રની બરકત તથા ફૈઝ મેળવે છે. હા ! તેમને નડેલી મુસીબતોને યાદ કરીને દુઃખ થાય અને આપોઆપ આંસૂ નીકળી આવે તો એ મહોબ્બતની પેહચાન છે. મતલબ એ છે કે એક હોય છે ગમ મનાવવું અને ગમ કરવું અને એક હોય છે ગમ થઈ જવો. ગમ મનાવવો અને કરવો નાજાઈઝ છે અને આપોઆપ થઈ જાય તો જાઈઝ છે.

## તાઝિયાદારી વિશે ગલત ફહમીઓ

આજકાલ જે તાઝિયાં બનાવવામાં આવે છે તો પ્રથમ તો એ હઝરત ઈમામ આલી મક઼ામના રોઝા મુબારકનો સાચો નકશો નથી હોતો, અજબ અજબ પ્રકારનાં તાઝિયાં બનાવવામાં આવે છે પછી તેને ઘૂમાવવામાં તથા ગશ્ત કરવામાં આવે છે. એકબીજાથી મુક઼ાબલો કરવામાં આવે છે અને એ મુક઼ાબલામાં કદી કદી લડાઈ ઝઘડા તથા લાઠી, ડંડા, ચાકૂ તથા છરી ચલાવવાનો પ્રસંગ બની જાય છે, અને આ બધું ઈમામ હુસૈન رضی اللہ عنہની મહોબ્બતના નામ પર થાય છે ! અફસોસ ! આ મુસલમાનને શું થઈ ગયું અને એ ક્યાંથી ચાલ્યો હતો અને ક્યાં

પહોંચી ગયો ! કોઈ સમજાવે તો માનવા તૈયાર નથી, બલ્કે ઉલ્ટો સમજાવનારને બુરુ ભલુ કહેવા લાગે છે.

સારાંશ કે વર્તમાન તાઝિયાદારી તેની સાથે થનારી સર્વ બિદઅતો તથા ખરાબીઓ તથા વાહિયાત બાબતો સર્વ નાજાઈઝ તથા ગુનોહ છે. દા.ત. માતમ કરવો, તાઝિયા પર ચઢાવા ચઢાવવા, તેની સામે ખાવા રાખીને ત્યાં ફાતિહા પઢવા, તેમનાથી મન્નતો મુરાદો માંગવી, તેમની નીચેથી બરકત પામવા માટે બાળકોને પસાર કરવાં, તાઝિયાં જોવા જવું, તેને ઝુકી ઝુકીને સલામ કરવી, સવારીઓ કાઢવી એ સર્વ જાહિલાના વાતો તથા નાજાઈઝ હરકતો છે. એને ઈસ્લામ ધર્મ સાથે કોઈ વાસ્તો નથી અને જે ઈસ્લામને જાણે છે તેનું દિલ ખૂદ કહેશે કે ઈસ્લામ જેવો સીધો અને શરાફત તથા ગંભીરતાવાળો મઝહબ આ તમાશાઓ તથા વહેમ પરસ્તીની વાતોને કેમ કરીને ચલાવી શકે છે ?

કેટલાક લોકો કહે છે કે તાઝિયાદારી તથા તેની સાથે સાથે ઢોલ વાજાં તથા માતમ કરતાં ઘૂમવાથી ઈસ્લામ અને મુસલમાનોની શાન જાહેર થાય છે. આ પણ એક ફુઝૂલ વાત છે. પાંચેવ વખતની અઝાન તથા મહોલ્લા, વસ્તી અને શહેરના સર્વ મુસલમાનોનું મસ્જિદો, ઈદગાહોમાં જુમ્આની તથા ઈદની નમાઝે બાજમાઅતથી અધિક મુસલમાનોની શાન જાહેર કરનારી કોઈ ચીજ નથી. તાઝિયાદારી તથા તેની સાથે તમાશા, ઢોલ વાજાં તથા કૂદવા ફલાંગવા તથા માતમ કરવા અને બુઝુર્ગોના નામ પર ગૈર શરઈ ઉર્સો, મેળાઓ અને આજની કવ્વાલીઓની મેહફિલોને જોઈને તો ગૈર મુસ્લિમ એવું સમજે છે કે ઈસ્લામ પણ અમારા ધર્મની જેમ તમાશાવાળો ધર્મ છે, અને તે સુધરવાને બદલે અને ઈસ્લામ તરફ આવવાને બદલે ઔર ચીડ કરે છે. કદી કદી આ તાઝિયાદારીના કારણે લડાઈ, ઝઘડા, ખૂનરેજીની નોબત આવી જાય છે અને વિના કારણે મુસલમાનોનું નુકસાન થાય છે. અને નમાઝ, રોઝા, ઈમાનદારી તથા સચ્ચાઈ, શરીઅતના હુકમોની પાબંદી અને



દીનદારીને જોઈને ગૈર મુસ્લિમ પણ એવું કહે છે કે ખરેખર ! ધર્મ કોઈ હોય તો તે ઈસ્લામ જ છે ! અને કોઈ કારણે મુસલમાન ન બને પણ ઘણા ગૈર મુસ્લિમોનું દિલ મુસલમાન બનવા ઈચ્છે છે, અને કેટલાક મુસલમાન બની જાય છે અને બનતા રહે છે. જોતા નથી કે દુનિયામાં કેટલા મુસલમાન છે અને વળી ૧૪૦૦ વરસમાં એમની સંખ્યા ક્યાંથી ક્યાં પહોંચી ગઈ છે. આ સર્વ કાંઈ નમાઝ, રોઝા અને ઈસ્લામની સર્વ ભોળી, સીધી, સાચી વાતોને જોઈને થયા છે. તાઝિયાદારી અને એની સાથેના મેલા ઠેલા તથા તમાશાઓને જોઈને કદી કોઈ મુસલમાન થયું અને ન હવે કોઈ થાય છે. અને તાઝિયાદારીથી ઈસ્લામની શાન જાહેર નથી થતી બલ્કે ઈસ્લામ ધર્મની બદ્નામી થાય છે.

કેટલાક લોકો મુહર્રમમાં વગાડવામાં આવનાર વાજિંત્રોને ગમના વાજાં બતાવે છે, તો એમને ખબર હોવી જોઈએ કે ગમના મોકા પર વાજા વગાડવામાં નથી આવતાં ! અને શોક મનાવવો પણ ઈસ્લામમાં જાઈઝ નથી.

કેટલીક જગાએ સાંભળવામાં આવ્યું કે કેટલાક લોકો કહે છે કે અમારા ખાનદાનમાં તાઝિયાદારી પહેલેથી ચાલી આવે છે. એક વરસે અમે તાઝિયા ન બનાવ્યાં તો અમારું ફલાણુ નુકસાન થઈ ગયું અથવા બીમાર થઈ ગયાં અને ઘરમાં કોઈ મરી ગયું... વગેરે. તો આ પણ જાહિલાના વાતો છે. પ્રથમ તો એવું થતું નથી અને જો થઈ પણ જાય તો એ એક શૈતાની ચાલ છે, તે ચાહે છે કે તમે હરામકારીઓમાં સપડાયેલા રહો અને ખુદા વ રસૂલથી દૂર રહો. શક્ય છે કે શૈતાન તમને ડગમગાવવા માટે કાંઈ કરી દેતો હોય, કેમ કે નફો તથા નુકસાન પહોંચાડવાની કાંઈક શક્તિ અલ્લાહે તેને પણ આપી છે. અને અલ્લાહની ઝાત તો ગની છે, સૌથી બેપરવા છે. જો સૌ સુધરી જાય નેક અને પરહેઝગાર થઈ જાય તો તેને કાંઈ નફો તથા ફાયદો નથી પહોંચતો અને સૌ બગડી જાય તો તેનું કાંઈ નુકસાન નથી થતું. માણસ સારું કરે

છે પોતાના ભલાના માટે અને બુરુ કરે છે તો પોતાના બુરા માટે. **મુસલમાનનો અક઼ીદો તથા ઈમાન એટલું મજબૂત હોવું જોઈએ કે દુનિયાનો કોઈ નફ઼ો થાય કે નુકસાન પણ અમે તો એ જ કરીશું જેનાથી અલ્લાહ તથા રસૂલ રાજી છે, અને દુનિયાના નફ઼ા તથા નુકસાનની શું વિસાત છે ?!** છેવટે સૌએ મરવાનું જ છે અને આપણા ફાયદા તથા નુકસાનને પણ અલ્લાહ જ જાણે છે, આપણે કાંઈ જ નથી જાણતા. ક્યારેક કોઈ ચીજમાં આપણે ફાયદો સમજીએ છીએ અને નુકસાન થઈ જાય છે અને ક્યારેક કોઈ નુકસાન ધારે છે અને નફ઼ો તથા ફાયદો નીકળે છે. એક શખ્સને કેટલાક સમયથી ગાડી ખરીદવાની તમન્ના હતી. અને જ્યારે ગાડી ખરીદી તો પૂરી ફેમેલી સાથે એ ગાડીમાં એક્સિડન્ટથી મૃત્યુ પામ્યો. સારાંશ કે તમારાં સર્વ કામો અલ્લાહની મરજી પર છોડી દો અને તેના બતાવેલા માર્ગે ચાલવાને જિંદગીનો મક઼સદ બનાવી લો અને પછી જે થશે તે જોયું જશે, અને તે જ થશે જે અલ્લાહ ચાહશે.

કેટલાક લોકો કહે છે કે તાઝિયાં તથા તખ્ત બનાવવાં અને સજાવવાં એવું જ છે કે જલસા, જુલૂસ તથા મીલાદની મેહફિલોના માટે મંડપ તથા પિંડાલો, સડકો, ગલીઓ તથા ઘરોને સજાવવામાં આવે છે. તો આ પણ એક ગલતફહમી છે. જલસા, જુલૂસ તથા મેહફિલોમાં સજાવટ તથા ડેકોરેશન એ અસલ મક઼સદ નથી હોતો બલ્કે ઝિક્રે ખૈર તથા તબ્લીગ તથા તક઼રીર મક઼સદ હોય છે જેના માટે આ સજાવટો થાય છે અને તાઝિયાં બનાવવાનો મક઼સદ સજાવવા શણગારવા તથા ઘૂમાવવા સિવાય બીજો શો છે ? અને જલસા, જુલૂસ તથા મેહફિલોના માટે પણ હદથી વધીને વિના જરૂરત એટલી સજાવટ તથા ડેકોરેશન કરવું કે આવનારાઓનું ધ્યાન એમાં જ ખોવાય જાય અને એ જ મક઼સદ બનીને રહી જાય અને ઝિક્રે ખૈર તથા તબ્લીગની તરફથી ધ્યાન હટી જાય, તો આવું બધું અતિશયોક્તિ કરવું પણ સારું નથી. અને આ સર્વ સજાવટોમાં




પણ આપસમાં મુક઼બલો તથા ફખ્ર શરીઅત વિરુદ્ધ વાતો છે. અને મેહફિલો, મજલિસો કદી કદી સજાવટ તથા ડેકોરેશન વિના પણ થાય છે અને તાઝિયાં તો સજાવટ તથા ડેકોરેશનનું જ નામ છે, એ ન હોય તો પછી તાઝિયા જ ક્યાં રહ્યાં ?!

કેટલાક લોકો કહે છે તાઝિયાદારી ખત્મ થઈ ગઈ તો ઈમામ હુસૈનનું નામ નષ્ટ થઈ જશે. તો આ પણ એ લોકોની ગલતફહમી છે. હઝરત ઈમામ હુસૈનનું નામ તો દુનિયાની લાખો મસ્જિદોમાં દર જુમ્આના દિવસે નમાઝથી પહેલાં ખુત્બામાં પઢવામાં આવે છે. પીરી મુરીદીના મોટા ભાગના સિલસિલા એમનાથી થઈને રસૂલે ખુદા ﷺ સુધી પહોંચે છે અને જ્યારે શજરા પઢવામાં આવે છે તો ઈમામ હુસૈનનું નામ આવે છે. કુર્આને કરીમના બાવીસમા પારાના પહેલા રુકૂઅમાં જે આયતે તત્હીર છે એમાં પણ અહલે બૈતનું જ વર્ણન મૌજૂદ છે અને અન્ય તો ઠીક ખૂદ નમાઝ જે અલ્લાહની ઈબાદત છે એમાં પણ આલે મુહમ્મદ પર દુરૂદ પઢવામાં આવે છે. (ﷺ) એ ઉપરાંત જેટલા જલસા, જુલૂસો, મેહફિલો, મજલિસો, નારાઓ, નઝમોમાં એમનું નામ આવે છે.

આ બધું દુનિયા જાણે છે મારે બતાવવાની જરૂર નથી, અને સાચી વાત એ છે કે ઈમામ હુસૈન رضی اللہ عنہનું નામ તો દરેક મુસલમાનના દિલમાં અલ્લાહ તઆલાએ લખેલું છે અને જેના દિલમાં ઈમામ હુસૈનનું નામ નથી તે મુસલમાન કહેવડાવવાનો હક્ક઼દાર નથી. તો ભાઈઓ જેમનો ઝિક્ર નમાઝોમાં, ખુત્બામાં, કુર્આનની આયતોમાં અને હજારો મજલિસોમાં અને ખાનકાહી શજરાઓમાં હોય એનું નામ કઈ રીતે નાબૂદ થઈ જાય ! તાઝિયાદારી અને એની સાથે જે તમાશા થાય છે એનાથી તો ઈમામે પાકનું નામ બદ્‌નામ થાય છે. અને જે લોકો કહે છે તાઝિયાદારી ખત્મ થઈ ગઈ તો ઈમામ હુસૈનનું નામ ના'બૂદ થઈ જશે, તેઓને હું પૂછું છું કે હઝરત ઈમામ પાકથી પહેલાં હજારો લાખો અંબિયા

તથા બાદમાં અવલિયા શહીદો થયા છે એમનામાંથી કોના કોના નામ પર તાઝિયાદારી થાય છે ? શું એ બધાનાં નામો ના'બૂદ થઈ ગયાં ? સાચું એ છે કે તાઝિયાદારી નાબૂદ થવાથી ઈમામ હુસૈનનું નામ ના'બૂદ થશે નહીં, બલ્કે તાઝિયાદારોનું નામ નાબૂદ થઈ જશે ! અને આજકાલ તાઝિયાદારી પોતાની નામના માટે જ થઈ રહી છે, ઈમામ હુસૈન رضی اللہ عنہના નામ માટે નહીં. જોતા નથી આ તાઝિયાદારો પોતાની નામના માટે કે મારું તાઝિયું ઊંચું સારું રહે અને આગળ ચાલે એના માટે કેવા કેવા ઝઘડા કરે છે.

## તાઝિયાદારી લડાઈ ઝઘડાનો પાયો

લડાઈ ઝઘડો કરવો તો ઘણી બધી જગાએ તાઝિયાદારોની આદત બની ગઈ છે. રસ્તાઓ માટે ઊભી ફસલોને ચગડવી, વીજળીના તાર અથવા ઊભાં ઝાડો કાપવાં, જાત જાતની રીતે ખુદાની મખ્લૂકને સતાવવી એમનો સ્વભાવ બની ગયો છે અને આ સર્વ વાતોમાં કદી કદી ગૈર મુસ્લિમોથી ટકરાવની નોબત આવી જાય છે. અને આ બધુ નિર્રથક હોય છે. ઈતિહાસમાં મુસલમાનો કદી પણ આ બિનજરૂરી ફાલતુ વાતોના માટે લડાઈઓ નથી લડી અને મુસલમાનો એ પ્રાકૃતિક રીતે ઝઘડાળુ નથી હોતા. તાઝિયાદારોને મેં જોયા છે, એ લોકો તાઝિયા ઉઠાવીને માતમ કરતા કરતા ઢોલ વાજિંત્રો સાથે ચાલે છે તો હોશ ગુમાવી બેસે છે. બેકાબૂ અને કંટ્રોલ બહાર થઈ જાય છે. એવા જોશમાં જણાતા હોય છે ગમે તે ઘડીએ તોફાનોમાં મુસ્લિમ કૌમને ફેંકી શકે છે અને કેટલીયે જગાએ કૌમી તોફાનો ખડા થતાં પણ હોય છે.

કેટલાક લોકો કહે છે કે તાઝિયાદારી જો હરામ છે તો મોલ્વી પહેલાં પણ હતા તેમણે મના કેમ નથી કર્યું ?! તો મારા ભાઈઓ ! વાત એમ છે કે તાઝિયાદારી શરૂ થયા બાદ ધીરે ધીરે નાજાઈઝ કામો ઉમેરાતાં ગયાં અને જ્યારથી એ શરીઅત વિરુદ્ધ હરકતો તથા ખરાબીઓનો





સમૂહ બની ત્યારથી ઉલમાએ દીન સતત હરામ કહેતા તથા લખતા રહ્યા છે. જેમ કે આગામી લખાણમાં તમને જાણવા મળશે. અને દરેક જમાનામાં માનવાવાળા પણ રહ્યા છે અને ન માનવાવાળા પણ રહ્યા. અને મોલ્વી પણ સૌ અલ્લાહથી ડરવાવાળા નથી હોતા, કેટલાક મખ્લૂકથી ડરવાવાળા અને લોકોની હામાં હા મિલાવવાવાળા પહેલાં પણ રહી ચૂકેલા છે અને અત્યારે પણ છે. અને આજકાલ મસ્જિદોના ઈમામોનું કોઈ શરીઅત વિરોધ વાત જોઈને કાંઈ ન કહેવું કોઈ અર્થ નથી ધરાવતું, કેમ કે ઈમામત તો હવે નોકરી અથવા ગુલામી જેવી રહી ગઈ છે, જો એક માણસ નારાજ થઈ જાય તો ઈમામત ખતરામાં પડી જાય છે ! તેમ છતાં પણ વિનંતિ છે કે હિંમતથી કામ લેવું જોઈએ અને સાચી વાત લોકોને બતાવવી જોઈએ, અલ્લાહ તઆલા તેમની મદદ ફર્માવશે જે એના દીનની મદદ કરે છે. મોલ્વીઓમાં આજકાલ એવા પણ છે જેમના પેટ અલ્લાહે ભરી દીધાં છે, પરંતુ તેઓ અધિક માલ દૌલત તથા શાનો શૌકત હાંસલ કરવા દીનને નુકસાન પહોંચાડે છે. હક્કને છુપાવે છે અને નથી જાણતા કે ઈજ્જત તથા દૌલત અલ્લાહના દસ્તે કુદરતમાં છે, જેને જ્યારે ચાહે અતા ફર્માવે. એઓ મૌતને ભૂલી ગયા છે પરંતુ મૌત એમને ભૂલશે નહીં.

## તાઝિયાદારી તથા કુર્આન વ હદીષ

وَذَرِالَّذِيۡنَ اتَّخَذُوۡا دِيۡنَهُمۡ لَعِباً وَّ لَهۡوًا وَّغَرَّتۡهُمُ الۡحَيٰوةُ الدُّنۡيَا۔

''અને એ લોકોથી દૂર રહો જેમણે પોતાના દીનને ખેલ તમાશો બનાવી લીધો અને તેમને દુનિયાની જિંદગીએ ધોકો આપી દીધો છે.'' *(પારા–૭, રુકૂઅ–૧૪)*

અને એક જગાએ ફર્માવે છે :–

اَلَّذِيۡنَ اتَّخَذُوۡا دِيۡنَهُمۡ لَهۡوًا وَّلَعِباًوَّ غَرَّتۡهُمُ الۡحَيٰوةُ الدُّنۡيَا۔۔الخ الاٰية

"જે લોકોએ પોતાના દીનને ખેલ તમાશો બનાવી લીધો અને દુનિયાની જિંદગીએ તેમને ધોકામાં નાખી દીધા, આજે અમે તેમને છોડી દઈશું જે રીતે તેમણે આ દિવસને મળવાનો ખયાલ છોડી રાખ્યો હતો અને જેવો તેઓ અમારી આયતોથી ઈન્કાર કરતા હતા. *(પારા–૮, રુકૂઅ–૧૩)*

આ આયતોને આપ ધ્યાનથી પઢો તો આજની તાઝિયાદારી તથા ઉર્સોના નામ પર જે મેલા ઠેલા, નાચ તમાશા તથા કવ્વાલીઓ થઈ રહી છે એ સર્વ ચીજો યાદ આવી જશે અને ઈન્સાફની નજર કહેશે કે ખરેખર એ તે લોકો છે જેમણે ઈસ્લામને તમાશો બનાવીને રાખી દીધો અને મઝહબને હંસી ખેલનું સ્વરૂપ આપી દીધું. ખુદા તઆલા માણસને તૌફીક઼ આપે કે મરતાં પહેલાં આંખો ખોલી લે અને હોશમાં આવી જાય. કુર્આને કરીમમાં ઠેક ઠેકાણે અલ્લાહ તઆલાએ દર્દ તથા મુસીબતની ઘટનાઓ વગેરે પર સબ્ર કરવાનો હુકમ આપ્યો છે, ન કે રડવા, પીટવા, છાતી કૂટવા, ચીસો પાડવા તથા માતમ કરવાનો.

હદીષ શરીફમાં છે : રસૂલે ખુદા ﷺએ ફર્માવ્યું :–

**ليس منا من لطم الخدود و شق الجيوب و دعابدعوى الجاهلية**

"જે (મૈયતના ગમમાં) ગાલ પીટે, ગરેવાન ફાડે અને જાહિલિયતના જમાના જેવી ચીસો તથા બૂમરાણ મચાવે તે અમારામાંથી નથી." *(સહીહ બુખારી, ૧/૧૭૩)*

હઝરત ઉમ્મે અતિય્યા કહે છે : **نهانا عن النياحة** "રસૂલુલ્લાહ ﷺએ અમને નોહા કરવાથી મના કર્યું." *(સહીહ બુખારી, ૨/૭૨૬)*

એક હદીષમાં છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

**امرنى ربى عز و جل بمحق المعازف والمزامير**

"અલ્લાહ عزوجلએ મને ઢોલ, વાજાં તથા વાંસળીઓને નષ્ટ કરવાનો હુકમ આપ્યો." *(મિશ્કાત, ૩૧૮, કિતાબુલ અમારત–૩)*





તદ્‌ઉપરાંત એક અન્ય હદીષમાં છે, હુઝૂર ﷺ ફર્માવે છે કે, "મારી ઉમ્મતમાંથી એવા લોકો થશે જેઓ ઢોલ વાજાંઓ હલાલ કરી લેશે." *(સહીહ બુખારી, ૨/૩૮૭, કિતાબુલ અશ્રિબા)*

## તાઝિયાદારી અને ઉલમાએ એહલે સુન્નત

કેટલાક લોકો સમજે છે કે તાઝિયાદારી સુન્નીઓનું કામ છે અને તેનાથી રોકવું મના કરવું એ વહાબીઓનું કામ છે, જ્યારે કે જ્યારથી આ તાઝિયાદારી શરૂ થઈ છે ત્યારથી કોઈપણ જિમ્મેદાર સુન્ની આલિમે તેને સારું નથી કહ્યું.

હિંદુસ્તાનમાં વહાબિયતના દૌરથી પહેલાંના આલિમ તથા બુઝુર્ગ **હઝરત શાહ અબ્દુલઅઝીઝ મુહદ્દિષ દહેલ્વી** رحمة الله عليه લખે છે :–

تعزیے داری در عشرہ محرم وساختن ضرائح وصورت درست نیست

"મુહર્રમના દસ દિવસોમાં જે તાઝિયાદારી થાય છે, ગુંબદવાળાં તાઝિયાં તથા આકૃતિઓ બનાવવામાં આવે છે એ સર્વ નાજાઈઝ છે." *(ફતાવા અઝીઝિયા, ૧/૭૫)*

આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત, **ઈમામ અહમદ રઝાખાન** મુહદ્દિષે બરેલ્વી رحمة الله عليه જે ઈમામે અહલે સુન્નત કહેવાય છે, જેમનો ફત્વો આખા જગતમાં સ્વીકૃત છે તેઓ ફર્માવે છે :

"આજકાલ તાઝિયાદારી એ નાપસંદીદા તરીકાનું નામ છે જે તદ્દન બિદઅત તથા નાજાઈઝ તથા હરામ છે."

કેટલાક લોકો કહે છે કે તાઝિયાં બનાવવાં જાઈઝ છે અને ઘૂમાવવાં નાજાઈઝ છે, તો આ'લા હઝરતે તેને પણ રદિયો આપ્યો છે અને બનાવવાથી પણ મના કર્યું છે. આપ લખે છે :–

"પણ આ નકલમાં પણ બિદઅતીઓ સાથે એક પ્રકારનું મળતાપણુ (મુશાબેહત) તથા તાઝિયાદારીની તોહમતનો અંદશો રહે છે તથા

આવનારી આપણી ઔલાદ તથા અકીદતમંદો માટે બિદઅતોમાં સપડાવાનો અંદેશો છે. જેથી રોઝએ અકદસની એવી આકૃતિ પણ ન બનાવે." *(ફતાવા રઝવિય્યહ્, ૨૪/૫૧૩, પ્રકાશક : રઝા ફાઉન્ડેશન—લાહોર)*

જે લોકો કહે છે કે તાઝિયાં બનાવવું અહલે સુન્નતનું કામ છે તેઓ આ'લા હઝરતની કિતાબોનો અભ્યાસ કરે, ઠેક ઠેકાણે તેમની કિતાબોમાં તાઝિયાદારીને નાજાઈઝ તથા હરામ તથા ગુનોહ લખ્યું છે, બલ્કે પૂરી એક કિતાબ એના બારામાં લખેલી છે જેનું નામ છે, આલિલ્ ઈફાદા ફી તાઝિયતિલ હિંદ વ બયાને શહાદહ્.

**મુફ્તીએ આ'ઝમે હિંદ મૌલાના શાહ મુસ્તફા રઝાખાં** رحمۃ اللہ علیہ ફર્માવે છે :—

"તાઝિયાદારી શરીઅતની રૂએ નાજાઈઝ છે." *(ફતાવા મુસ્તફવિય્યહ્, પેજ—૫૩૪, રઝા એકેડમી—મુંબઈ)*

સદરુશ્શરીઅહ્ **હઝરત મૌલાના અમજદઅલી સાહબ** તાઝિયાદારી તથા તેની સાથે ઠેક ઠેકાણે જે શરીઅત વિરુદ્ધ હરકતો બિદઅતો રિવાજ પામી છે તેનું વર્ણન કરતાં લખે છે :—

"આ સર્વ તદ્દન ખુરાફાત છે. આ બધાંથી હઝરત સૈયદના હુસૈન رضی اللہ عنہની રૂહ ખુશ નથી." પછી અમુક લીટીઓ બાદ લખે છે :—

"આ બનાવ તમારા માટે નસીહત હતો અને તમે તેને ખેલ તમાશો બનાવી લીધો." *(બહારે શરીઅત, ૧૬/૨૪૮)*

હઝરત મૌલાના શાહ **મુફ્તી અજમલ સાહબ સંભલી** ફર્માવે છે :—

"હવે કેમ કે તાઝિયાદારી ઘણી બધી શરીઅત વિરુદ્ધ વાતો પર આધારિત છે જેથી આવી સહીહ નકલ (આકૃતિ) પણ ન બનાવવી જોઈએ." *(ફતાવા અજમલિયા, ૪/૧૫)*

હઝરત **મૌલાના હશમત અલીખાં** બરેલ્વી લખે છે :—




"તાઝિયાં બનાવવાં, તેને વાજાં તાશાં સાથે ધૂમ ધામ સાથે ઉઠાવવાં, તેની ઝિયારત કરવી, તેની અદબ તથા તા'ઝીમ કરવી, તેમને સલામ કરવી, તેમને ચૂમવાં, તેમની આગળ ઝુકવું અને આંખોથી લગાડવું, બાળકોને લીલા રંગનાં કપડાં પહેરાવવાં, ઘર ઘર ભીખ મંગાવવી, કર્બલા જવું (બનાવટી) વગેરે શરીઅતની રૂએ નાજાઈઝ તથા ગુનોહ છે." *(શમ્એ હિદાયત, ૩/૩૦)*

ફકીહે મિલ્લત **મુફ્તી જલાલુદ્દીન અમજદી** رحمۃ اللہ علیہ ફર્માવે છે :—

"હિંદુસ્તાનમાં જે રીતે સામાન્યતઃ તાઝિયાદારી રિવાજ પામેલ છે એ બેશક ! હરામ તથા નાજાઈઝ, બિદઅતે સૈયેઅહ (બુરી બિદઅત) છે." *(ફતાવા ફૈઝુર્રસૂલ, ૨/૫૬૩)*

અહીં એ વાત પણ નોંધનીય છે કે હિ.સ. ૧૩૮૮માં આજથી લગભગ, ૪૭ વરસ પહેલાં તાઝિયાદારી હરામ તથા નાજાઈઝ હોવા સંબંધે એક ફત્વો 'મર્કઝે અહલે સુન્નત' બરેલ્વીથી પ્રસિદ્ધ થયો હતો જેના પર તે જમાનામાં હિંદ તથા પાક.ના વિવિધ શહેરોના ૭૫ મહાન મહાન સુન્ની ઉલ્માએ કિરામની સહીઓ કરી હતી. સૌએ તાઝિયાદારી હરામ તથા નાજાઈઝ હોવાનું સમર્થન કર્યું હતું અને એ ફત્વો એ જમાનામાં પોસ્ટરના રૂપમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. તેની વિગત ઉલમાએ કિરામનાં નામો સાથે હઝરત મૌલાના મુફ્તી જલાલુદ્દીન عَلَیْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ની કિતાબ 'ખુત્બાતે મુહર્રમ', પેજ—૪૬૯ પર જોઈ શકાય છે. આ સર્વ હોવા છતાં એવું કહેવું કે તાઝિયાદારીથી રોકવું વહાબીઓનું કામ છે એ જેહાલત, નાદાની તથા અજ્ઞાનતા છે, બલ્કે અમુક વાતોથી તો એ શંકા ઉપજે છે કે તાઝિયાદારી કરાવવામાં વહાબીઓનો હાથ રહે છે, વાત અસલમાં એ છે કે વહાબી ચાહે છે કે સુન્નીઓ પાસે ખૂબ શરીઅત વિરુધ્ધ વાતો હરકતો તથા ખરાબીઓ કરાવવામાં આવે જેથી મઝહબે અહલે સુન્નત બદ્નામ થાય અને વહાબી

મઝહબને પ્રગતિ મળે અને મુસલમાન સુન્નીઓની નિરર્થક વાતોને જોઈને તેમનાથી દૂર થઈ જાય અને અમારા તરફ ખેંચાઈ આવે, અને એવું જ થઈ રહ્યું છે. સુન્ની અવામ પોતાના ઉલમાની વાતો નથી માનતી, નમાઝ રોઝા તરફ ઓછી અને શરીઅત વિરુદ્ધની વાતો પ્રતિ અધિક ધ્યાન કરવા લાગી, એના લીધે બાતિલ ફિર્કાઓને ઉત્તેજન મળી રહ્યું છે. એ પણ અશક્ય નથી કે તાઝિયાદારી તથા ક઼વ્વાલી વગેરને જાઈઝ કહેનારા કેટલાક કહેવાતા સુન્ની મોલ્વીઓ તથા બેશરઅ પીરોએ વહાબીઓ સાથે સાઠગાંઠ કરી લીધી હોય !

**નોંધ** : વહાબીઓ તાઝિયાદારીને સીધે સીધુ શિર્ક તથા કુફ્ર સુદ્ધાં કહી આપે છે અને સુન્ની ઉલમા તેને કેવળ નાજાઈઝ તથા ગુનોહ બતાવે છે, સુન્ની ઉલમા નજીક તાઝિયાદારી કરનારા સુન્નીઓ મુસલમાન જ છે ભલે તેઓ ગુનાહનું કામ કરી રહ્યા છે. ખુદા તઆલા એમને એનાથી બચવાની તૌફીક઼ બખ્શે. આમીન

## જબરદસ્તીના ચંદા !

તાઝિયાદારીના નામ પર તાઝિયાદારોએ જબરદસ્તી ગરીબોનાં ઘરોમાં ઘુસી ઘુસીને ચંદો લેવો તથા મના કરનાર તેમજ ઓછુ આપનારને ધમકીઓ આપવી, તેમનાં વાસણો વગેરે ઉઠાવીને લઈ જવું, વિવિધ રીતે તેમને પરેશાન કરવાં એક સામાન્ય વાત બની ગઈ છે. આ મુસલમાનોને તકલીફ આપવું છે અને સખ્ત હરામ છે. મસ્જિદો તથા મદરસા જે ઈસ્લામના અસલ છે તેમના માટે પણ જબરદસ્તી ચંદો નથી લેવામાં આવતો તો તાઝિયાદારી માટે કઈ રીતે લઈ શકાય ?! આ તો એક હરામ કામ છે ! એના લીધે ગરીબોનું લોહી ચૂસવું ડબલ હરામ છે અને અલ્લાહ તથા તેના રસૂલ ﷺને નારાજ કરવું છે. આજકાલ હિંદુસ્તાનનો મુસલમાન બેરોજગારી તથા ગરીબીનો શિકાર છે અને ઉપરથી આ જબરદસ્તી ચંદા, તે પણ ફાલતુ વાતો માટે એ




અફસોસની વાત છે. અલ્લાહ પૈસા આપે તો ફાલતુ વાતોમાં ખર્ચ ન કરવો જોઈએ, પોતાની જરૂરિયાત અને રાહે ખુદામાં ખર્ચ કરે, હક્ક઼દારોનો હક્ક઼ અદા કરે અને તેના પછી પૈસા વધારીને રાખે તો એમાં કોઈ ગુનોહ નથી, કેમ કે પૈસા સમય આવ્યે માણસને કામ લાગે છે. માણસની જાન, માલ, ઈજ્જત આબરૂની હિફાઝત કરે છે અને અન્યોની સામે હાથ ફેલાવવા તથા ઝલીલ થવાથી બચાવે છે.

## બનાવટી કર્બલાઓ !

કર્બલા ઈરાકમાં એ જગાનું નામ છે જ્યાં હઝરત ઈમામ આલી મક઼ામ પોતાના સાથીઓ સાથે યઝીદી ફોજોના ઝરીયે શહીદ કરવામાં આવ્યા. હવે જ્યાં તાઝિયાં ભેગાં થાય છે તથા દફન કરવામાં આવે છે તે જગાઓને લોકો કર્બલા કહેવા લાગ્યા ! ઈસ્લામ ધર્મમાં આ બનાવટી કર્બલાઓને કોઈ સ્થાન નથી. એને પવિત્ર સ્થળ ખયાલ કરીને એની તા'ઝીમ કરવી એ સૌ રાફઝિયત, શીઆઈયત તથા જેહાલતની ઉપજ છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ખાં મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

''અલમ, તાઝિયાં, મહેંદી, એની મન્નત, ગશ્ત, ચઢાવો, ઢોલ તાશાં, મુજરે, મર્ષિયા, માતમ, બનાવટી કર્બલા જવું આ સર્વ વાતો નાજાઈઝ તથા હરામ છે.'' *(ફતાવા રઝવિય્યહ્, ૨૪/૪૯૬)*

## ઈમામબાડા

જ્યાં તાઝિયાને રાખે છે તે ઈમારતને ઈમામબાડા કહે છે. આ ઈમામબાડા બનાવવાં, એની તા'ઝીમ કરવી એ બધું રાફઝી તથા શીઆ ફિર્કાની દેન છે. ઈમામબાડાઓની કોઈ શરઈ હૈસિયત નથી. તેની જમીનો કોઈ બાલ બચ્ચાવાળા, બેઘર ગરીબ મુસલમાનને આપી દેવામાં આવે અને એનો સવાબ હઝરત ઈમામ આલી મક઼ામ رضی اللہ عنہની રૂહે પાકને ઈસાલે સવાબ કરી દેવામાં આવે તો એ એક ઈસ્લામી કામ

થશે. અથવા જ્યાં જરૂરત હોય ત્યાં મસ્જિદ બનાવી દેવામાં આવે અથવા મુસલમાનો માટે કૃબ્રસ્તાન કે મુસાફરખાનુ વગેરે બનાવી દેવામાં આવે જેનાથી કૌમને ફાયદો પહોંચે તો એ ખૂબ જ ઉમદા વાત છે.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં رضی اللہ عنہ ફર્માવે છે :–

"ઈમામબાડો વક્ફ નથી થઈ શકતો, એ જેણે બનાવ્યો તેની જ એ મિલ્કત છે, જેમ ચાહે તેમ કરે. તે ન રહ્યો તો તેના વારસદારોની મિલ્કત છે, તેમને અધિકાર છે." *(ફતાવા રઝવિય્યહ્, ૧૬/૧૨૧)*

## બાળકોને ફકીર બનાવવાં !

ક્યાંક ઈમામ હુસૈનના નામ પર બાળકોને ફકીર બનાવવામાં આવે છે અને તેમના ગળામાં ઝોળી નાખીને ઘરે ઘર તેમની પાસે ભીખ મંગાવવામાં આવે છે, આ પણ નાજાઈઝ તથા ગુનોહ છે.

આ'લા હઝરત ફર્માવે છે :–

"એ જ પ્રમાણે ફકીર બનીને વિના જરૂરત તથા મજબૂરી વિના ભીખ માંગવી હરામ છે. ઘણી બધી હદીષ આ અર્થમાં આવેલી છે, અને એવાને આપવું પણ હરામ છે." *(ફતાવા રઝવિય્યહ્, ૨૪/૪૯૪)*

એના બદલે આપણાં બાળકોને હઝરત ઈમામ પાક તથા તેમનાં ઘરાનાનાં બાળકોની જીવન પદ્ધતિ, ચાલ ચલણ શીખવાડે અને તેમના રંગમાં રંગે, તેમના જેમ જીવન જીવવાનો હોસલો અપાવે, દીનદાર બનાવે, તો એ તદ્દન ઈસ્લામ પ્રમાણેનું છે.

## ઈમામ ક઼ાસિમની મેંહદી

હઝરત ઈમામ ક઼ાસિમ એ હુસૈન رضی اللہ عنہના ભત્રીજા તથા ઈમામ હસન رضی اللہ عنہના પુત્ર છે. કર્બલામાં પોતાના કાકા બુઝુર્ગવારની સાથે ઘણા જાલિમોને મારીને છેવટે શહીદ થયા. વાત કેવળ એટલી છે કે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہની એક સાહબઝાદી સાથે તેમનો રિશ્તો




નક્કી થઈ ચૂક્યો હતો. નિકાહથી પહેલાં જ કર્બલાનો બનાવ ઉપસ્થિત થઈ ગયો. આટલી વાતને લોકોએ કહાની બનાવી દીધી અને કહ્યું કે કર્બલામાં જ તેમની શાદી થઈ અને તે દુલ્હા બન્યા, તેમને મેંહદી મૂકવામાં આવી ! અને મેંહદી ક્યાંક ૭ તારીખ તથા ક્યાંક ૮ તારીખ અને ક્યાંક ૧૩ના મેળા તમાશા તથા ઢોલ ધમાકા બની ગઈ. વાંસની ચીપો અને પ્લાસ્ટિક તથા કાગળના નાનાં નાનાં રમકડાં બનાવવામાં આવે છે અને તેનું નામ જાહિલોએ મેંહદી રાખી દીધું. અને મુસલમાનોમાંથી તે લોકો જેમનો મિજાઝ તમાશાપ્રિય હતો તેમણે પોતાના શોખને સંતોષવા માટે તથા મેળા તમાશા કરવા માટે હઝરત ઈમામ ક઼ાસિમ رضی اللہ عنہની મુબારક હસ્તીને આડ બનાવી લીધી. ભાઈઓ ! આ તમાશાઓ ક્યાં સુધી કરશો ?! મરવા પછી આખેરતની પણ કાંઈ ફિકર છે ?! તક઼રીરો થકી લાંબાં લાંબાં નઝરાણા જમા કરવાવાળા કિસ્સા કહાની કહેનારા ખતીબોને પણ રંગ ભરવાનો ખૂબ મોક઼ો મળ્યો અને નવી દુલ્હનની સામે દુલ્હાની શહાદત રડવા રડાવવા, જોરથી હિબકાં ભરવાનું બહાનું બની ગઈ. અને શાયરોની મર્ષિયાવાળી કૃતિઓએ નાની સરખી વાતને ક્યાંથી ક્યાં પહોંચાડી આપી ! ખુલાસો એ કે **મેંહદીની રસમ અને એનાથી સંબંધિત બનાવ સૌ મનઘડત અને ફુઝૂલ વાતોથી ભરપૂર છે અને એના નામ પર જે કાંઈ ખુરાફાત તથા જાહિલાના હરકતો થાય છે એ સર્વ નાજાઈઝ તથા હરામ છે.**

આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝાખાં મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ ફર્માવે છે :–

"તાઝિયાં, મેંહદી, શબે આશૂરાના રોજ રોશની કરવી બિદઅત તથા નાજાઈઝ છે. હઝરત સૈયદના ઈમામ ક઼ાસિમની સાથે કર્બલામાં હઝરત સૈયદના ઈમામ હુસૈનની સાહબઝાદીની શાદીનો બનાવ સાબિત નથી, કોઈએ ઘડયો છે." *(ફતાવા રઝવિય્યહ્, ૨૪/૫૦૦–૫૦૧)*

## ચાળીસાનું બયાન

સફર મહિનાની ૨૦ તારીખે હઝરત સૈયદના ઈમામ હુસૈન رضی اللہ عنہના ચેહલૂમના નામ પર પણ ખૂબ મેલા ઠેલા તથા તમાશા કરવામાં આવે છે. તાઝિયા બનાવીને વાજાં તાશાંની સાથે ઘૂમાવવામાં આવે છે એના અનુસંધાનમાં પ્રથમ વાત તો એ છે કે, "ચેહલૂમ કે ચાળીસુ તે ન્યાઝ અથવા ફાતેહા તથા ઈસાલે સવાબને કહે છે જે ઈન્તેકાલના ૪૦મા દિવસે અથવા થોડુક આગળ પાછળ કરવામાં આવે." પરંતુ જેમની શહાદતને સાડા તેરસો વરસો થઈ ચૂક્યાં હોય તેનું ચાળીસુ હમણા થાય એ સમજમાં આવે તેવી વાત નથી ! ઉર્સ અથવા વરસી દર વરસે થાય છે, પણ ચાળીસુ કે ચેહલૂમ દર વરસે થાય એ તો આશ્ચર્યની વાત છે. છતાં પણ ન્યાઝ, ફાતેહા વગેરે જાઈઝ કામો દરેક દિવસે જાઈઝ તથા હલાલ છે, તો ૨૦ સફરે પણ કરવામાં આવે તો ગુનોહ નથી, પણ હા ! તેને ચેહલૂમ કહેવું નાદાની છે. વાત અસલમાં એ છે કે જ્યારે એક મેળા તથા તમાશાથી પેટ નથી ભરાતુ તો મોજ મસ્તી કરવા માટે એક દિવસ ઔર વધારી લીધો ! કેમ કે ખેલ, તમાશા તથા મેળા એવી ચીજ છે કે તમાશાપ્રિય લોકો ચાહે છે કે આવું તો રોજ જ થાય તો અધિક સારું ! અને નમાઝ, રોઝા વગેરે તથા કુર્આનની તિલાવતમાં એમનું જ ધ્યાન લાગે છે જેઓ ખુદાથી ડરે છે અને આખરેત તથા મૌતની ફિક્ર રાખે છે.

સારાંશ કે હું તો ચેહલૂમનો મતલબ એ જ સમજું છું કે હઝરત સૈયદના ઈમામ હુસૈન رضی اللہ عنہની યાદગાર મનાવવાનું બહાનુ બનાવીને ખેલ, તમાશા, ઢોલ વાજાંઓ માટે એક દિવસ ઔર વધારી લેવામાં આવ્યો છે.

## કાળાં તથા લીલાં કપડાં પહેરવાં કે લીલી ટોપી પહેરવી

મુહર્રમમાં આ લીલાં તથા કાળાં કપડાં ગમ તથા શોક મનાવવાના





માટે પહેરવામાં આવે છે, અને આવો શોક ઈસ્લામમાં હરામ છે. એના સિવાય શોકની અન્ય વાતો પણ કેટલીક રિવાજ પામી છે જેમ કે મુહર્રમમાં શરૂના દસ દિવસ કપડાં ન બદલવાં, દિવસે રોટી ન પકાવવી, મટન ન ખાવું, ઝાડુ ન લગાડવું, પલંગ પર ન સૂવું, મુહર્રમના મહિનામાં શાદી વિવાહને બુરુ જાણવું આ સર્વ વાતો નિરર્થક અને જેહાલતની ઉપજ છે.

આ'લા હઝરત رضی اللہ عنہ ફર્માવે છે :–

"એ જ પ્રમાણે મુહર્રમના દસ દિવસોમાં લીલાં રંગેલાં કપડાં પણ નાજાઈઝ છે, એ પણ શોકના માટે છે, મુહર્રમના દસ દિવસોમાં ત્રણ રંગોથી બચો ! : કાળો, લીલો અને લાલ."

અમુક જગાએ મુહર્રમના દસ દિવસોમાં સવારીઓ કાઢવામાં આવે છે અને તેની સાથે જાત જાતના તમાશા તથા ડ્રામા થાય છે, એ સર્વ પણ નાજાઈઝ તથા ગુનોહ છે. ખુદા તઆલા મુસલમાનોને ઈસ્લામને સાચા અર્થમાં સમજવા તથા એના પર ચાલવાની તૌફીક અતા ફર્માવે.

ભાઈઓ ! આ દિલ છે એને જેમાં લગાડશો તેમાં લાગી જશે. ગાયનો, વાજાં, મેળાઓ, તમાશાઓ, ખરાબીઓમાં લગાડશો તો એમાં લાગી જશે, અને એ જ દિલને નમાઝ, રોઝા તથા કુર્આનની તિલાવતમાં લગાડશો તો એમાં લાગી જશે. અફસોસ ! તમે તમારાં દિલને મેલા ઠેલાઓ તથા તમાશાઓમાં લગાડી લીધું અને મૌત નજીક આવી રહ્યું છે, મરતાં પહેલાં આ દિલને નમાઝ, રોઝા, કુર્આનની તિલાવત તથા દીની કિતાબોના અભ્યાસ વગેરે સારી વાતોમાં લગાડી લો.

وصلی اللہ تعالیٰ علیٰ سیّدنا محمدٍ واٰلہٖ وصحبہٖ اجمعین۔

**નોંધ** — **આ કિતાબ સંબંધે કોઈ ભાઈ અમને કાંઈ કહેવા ચાહે કે સલાહ આપવા ચાહે તો ફોન પર વાત કરવાને બદલે નામ ઠામ સાથે પત્ર વહેવાર કરે.**

# તા'ઝીયાની હકીકત

## ઈતિહાસના આઈનામાં

*"**અહલે સુન્નત વ જમાઅત**"ના સર્વ મોઅતબર ઉલમા વર્તમાન તા'ઝીયાદારીની રસમને નાજાઈઝ જણાવે છે. આપણી ભલાઈ એમાં જ છે કે ઉલમાએ અહલે સુન્નતના હુકમાનુસાર તથા તેમના માર્ગદર્શન હેઠળ ચાલીએ અને તા'ઝીયાદારીની ચાલી આવતી નાજાઈઝ રસમનો ત્યાગ કરીએ. તા'ઝીયાદારીનું ભારતમાં ચલણ શાથી થયું તેને સમજવા જાણવા પ્રસ્તુત લેખ વાંચી જવા વિનંતિ છે. શીઆ નવાબોએ પોતાના સત્તાકાળમાં એને કઈ રીતે વેગ આપ્યો તેને સમજી લીધા પછી ઉમ્મીદ છે કે સુન્નીઓ કાંઈક બોધ લેશે. (ઈન્શાઅલ્લાહ !) –પ્રકાશક*

અરબીભાષા (શબ્દકોશ)માં ع، ز، ی તા'ઝીયાના અસલી હુરૂફ છે **عزی، یعزی عزاء**નો અર્થ મુસીબત પર સબ્ર કરવી. જયારે કે તેને મઝીદ (અધિક) ફીહ ઉપયોગ કરવામાં આવે تعزیہ-تفعلۃ ના વઝન પર તો તેનો મતલબ તસલ્લી આપવી, સબ્રનું સૂચન કરવું છે. ફારસી ભાષામાં મૈયતના વારસદારો પાસે ગમ અને હમદર્દીને જાહેર કરવા માટે "તઅ્ઝિયત" બોલાય છે.

આપણે ત્યાં તા'ઝીયાનો એક ખાસ અર્થ છે અને તે એ કે મુહર્રમના દસ દિવસમાં મોટા ભાગે શીઆ અને અમુક જગ્યાએ કેટલાક સુન્નીઓ ક્યાંક હિંદુઓ વાંસની પાતળી લાકડીઓ અને રંગીન કાગળોના ઉપયોગથી એક ખાસ આકૃતિ બનાવે છે જેમાં અનેક ખાનાંઓ અને ગુંબદો હોય છે. ઉપરથી ગુંબદ જેવી અને નીચેથી ઉપર મીનારા જેવી





આકૃતિ હોય છે, ક્યાંક કાચનો ઉપયોગ પણ થાય છે.

શીઆ નવાબો તેને બનાવવામાં બેહદ ઈન્તેઝામ કરતા હતા, તેમાં સોના ચાંદીનો પણ ઉપયોગ થતો હતો. ભારતમાં શીઆઓ ઘણી અકીદત અને ઈજ્જતથી તા'ઝીયાની સજાવટ અને ડેકોરેશન કરે છે. કિંમતી તા'ઝીયાઓને ઈમામબાડામાં મેહફૂઝ રાખવામાં આવે છે, જ્યારે કે મોટા ભાગનાં તા'ઝીયાં પાણીમાં ડૂબાડી દેવામાં આવે છે અને અમુકને તોડી ફોડી કચરામાં બદલી નાખવામાં આવે છે.

તા'ઝીયાદારીની રસમનો શરઈ તોર પર કુર્આન અને હદીષમાં કોઈ સબૂત નથી પરંતુ શ્રદ્ધા અને પ્રેમમાં તા'ઝીયાદારી એટલી રચી વસી ગઈ છે કે મુસલમાનોને તેનાથી બચાવવું કઠિન થઈ ગયું છે. મુહર્રમ આવતાં જ ફર્ઝ, વાજિબની જેમ શીઆ તો શીઆઓ અમુક નાદાન સુન્ની પણ તેની રચના તથા ડેકોરેશનમાં તન મન ધનથી લાગી જાય છે અને નથી સમજતા કે આ નર્યું તદ્દન એક ગેરશરઈ કામ છે અને સુન્નતી વિરુદ્ધ બુરી બિદઅત છે, તા'ઝીયા અને તેની અન્ય રસમો ઈસ્લામી રિવાજની વિરુદ્ધ હિંદુ રસમો રિવાજથી વધારે નિકટ છે.

વિચારવા જેવી વાત છે કે જો તા'ઝીયાદારી જાઈઝ હોત તો સર્વ પ્રથમ હુઝૂર ﷺનો તા'ઝીયો બનતો, હઝરત ફાતિમા رضی اللہ عنہانો બનતો, હઝરત અલી, ઈમામ હસનનો બનતો. અને રહી મેદાને જંગમાં શહાદતની વાત તો હઝરત અમીર હમ્ઝાનો તા'ઝીયો ખૂદ રસૂલે પાક બનાવતા ! પરંતુ એવું નથી થયું બલ્કે એવાં કામોની શરીઅતે મનાઈ જ ફર્માવી. બુદ્ધિની દષ્ટિએ પણ આ વાતો સમજ બહારની માલૂમ પડે છે કે દર વરસ એક પોતે જે કોઈને બનાવવું અને પછી તેને તોડી નાખવું, દફન કરી દેવું અથવા પાણીમાં ડૂબાડી દેવું તે બેવકૂફી અને મૂર્ખતા સિવાય શું હોય શકે ? હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہની રઝા અને

ખુશ્નુદી શરીઅત અને સુન્નતની પૈરવીમાં છે, નહીં કે રડવા, માથુ પછાડવા અને ઢોલ વગાડવામાં !

જો આ વસ્તુ જાઈઝ હોત તો આખુ જીવન રડવા અને તા'ઝીયા બનાવવામાં પૂરુ થઈ જાત ! કારણ કે તમામ નબીઓ અને રસૂલો, સહાબા, અહલે બૈત બધાનાં જ તા'ઝીયાં બનતાં અને બગડતાં, વળી માનવી પોતાના બાપ, દાદાનાં તા'ઝીયાં કેમ ન બનાવતો ! એ પણ બનતાં, એવી રીતે આખુ જીવન તા'ઝીયાંની જ ભેટ ચઢી જાત. સુન્ની આલિમોએ તા'ઝીયાદારી વિશે અનેક કિતાબો અને તક્રીરોથી લોકોને વર્તમાન બિદઅત અને બુરી રસમોથી રોક્યા અને આ કામને સુન્નત અને શરીઅતના વિરુદ્ધ દર્શાવ્યું અને તેમાં ખર્ચ થતી દૌલતને ફુઝૂલ ખર્ચ બતાવ્યો. હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ તા'ઝીયાના વિરુદ્ધ હુકમ આપ્યો, હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہ તથા આપના ખાસ શાગિર્દ હઝરત સદરુશ્શરીઅહ મૌલાના હકીમ અમજદ અલી આ'ઝમી رحمۃ اللہ علیہએ 'બહારે શરીઅત'માં વર્તમાન તા'ઝીયાદારી નાજાઈઝ હોવા વિશે ફતવો લખ્યો

## શરીઅતમાં તા'ઝીયાની અસલ

શરીઅતની દૃષ્ટિએ તા'ઝીયાદારી એટલી હદે જાઈઝ છે કે હઝરત ઈમામ આલી મક્રામ સૈયદોના ઈમામ હુસૈન رضی اللہ عنہના રોઝા મુબારકની આકૃતિ (છબી) બનાવી બરકત પામવા માટે મૂકવામાં આવે, જેવી રીતે કા'બા શરીફ, ગુંબદે ખઝરા અને બીજી મસ્જિદો અને બુઝુર્ગોના મઝારોની તસ્વીર તબુર્રકના તૌર પર રાખે છે. તેને ફેરવવું, કપડાંથી ઢાંકવું, તેને ઈમામે હુસૈન સમજવું અને સલામ કરવી, તેના પર નિયાઝ ચઢાવવી, મન્નતો માનવી આ બધુ નાજાઈઝ અને મના છે.

જે જગ્યાઓ પર આ વસ્તુઓનો રિવાજ છે ત્યાં ખુલ્લે આમ મના કરવું યોગ્ય નથી બલ્કે હિકમતે અમલીથી ધીરે ધીરે લોકોને સમજાવવાની





જરૂરત છે, એટલા માટે કે એકદમ મના કરવાથી લોકો રોકાય જતા નથી બલ્કે ચિઢાઈને વધારે બુરાઈઓ કરે છે. અમુક તો સુન્ની આલિમોને વહાબી સમજવા લાગે છે અને કેટલાક તેઓથી નફરત કરી સુન્નિયતથી ફરી જાય છે.

**તા'ઝીયા** : ઈમામે હુસૈન رضی اللہ عنہ અને આપના સાથીઓની મઝલૂમાના શહાદતની યાદગારના તોર પર લોકો બનાવે છે. તેની શરૂઆત રૂદન, વિલાપ, છાતી પિટવા અને વાળ ખેંચવાથી થઈ ધીરે ધીરે એક ખારજી શકલ ઈખ્તિયાર કરી ગઈ.

**તા'ઝીયાના પ્રકાર** : અલમ (ઝંડો), તાબૂત, ઝરીહ, દુલદુલ.

**તા'ઝીયા મૂકવાની જગ્યાઓ** : ઈમામબાડા, ચબૂતરા, ચોક, માતમ ઘર વગેરે કહેવામાં આવે છે.

શીઆ મઝહબમાં શીઆ બન્યા પછી સર્વથી પસંદીદા, મક્બૂલ ઈબાદત અને ઝરિયાએ નજાત કામનું નામ તા'ઝીયાદારી, રૂદન, વિલાપ, માતમ, છાતી કૂટવું, મર્ષિયાખ્વાની અને મુહર્રમના દિવસોમાં કાળો પહેરવેશ પહેરવું છે. આ વાતો તેમના ધર્મમાં દીનદાર "શીઆ" માટે જરૂરી છે.

## તા'ઝીયાદારીની શરૂઆત

હઝરત અલ્લામા મૌલાના ગુલામ રસૂલ સઈદી શારહે સહીહ મુસ્લિમએ પૂરી વિગતવાર શર્હે મુસ્લિમ શરીફના ભાગ–૧માં આ મસ્અલા પર ચર્ચા કરી છે :–

આપની વિગતવાર બહષનો ખુલાસો એ છે કે જે લોકો તા'ઝીયાના માનનારા છે તેમની દલીલ એ છે કે જંગે ઓહદમાં હઝરત અમીરે હમ્ઝા رضی اللہ عنہની શહાદત થઈ. આપના અંગો જુદા કરવામાં આવ્યા, આપનું કલેજુ ચાવવામાં આવ્યું જેનાથી સરકાર صلی اللہ علیہ وسلمને બેહદ સદમો પહોંચ્યો, આ જંગમાં અન્ય સહાબા પણ શહીદ થયા. સરકાર صلی اللہ علیہ وسلمએ

રડવાનો અવાજ સાંભળ્યો કે અમુક સ્ત્રીઓ પોતાના સગાંઓની મૌત પર આંસૂ વહાવી રહી છે. આ સાંભળી સરકાર ﷺએ ઈર્શાદ ફર્માવ્યું, ''પરંતુ હમ્ઝા પર રડવાવાળુ કોઈ નથી.'' આ સાંભળી સઅદ બિન મઆઝ તથા ઉસૈદ ઈબ્ને હુઝૈરે બની અબ્દુલ અશહલની સ્ત્રીઓને રસૂલે ખુદા ﷺની પાસે મોકલી આપી જેમણે હઝરત હમ્ઝા પર માતમ કર્યું.

આ રિવાયત તા'ઝીયાદારોની દલીલ છે કે જો માતમ કરવું અને મરનાર પર રૂદન કરવું નાજાઈઝ હોત તો સરકાર ﷺ મના ફર્માવતા. આપનું મના ન કરવું એને સાબિત થવાની દલીલ છે. જો કે આપનું એ ફર્માવવું કે, ''હમ્ઝા પર રડનાર કોઈ નથી'' તેનાથી કદી માતમ, વિલાપ, સાબિત થતું નથી, બલ્કે આ શબ્દો સરકાર ﷺએ હઝરત હમ્ઝાની શહાદતના ગમમાં કહ્યા, પરંતુ સાંભળનારાએ એ ખયાલ કર્યો કે સરકાર ﷺની મરજી એ છે કે હઝરત હમ્ઝા رضی اللہ عنہ પર રૂદન, વિલાપ થાય. આ તેમની પોતાની સમજ હતી, સરકારે દો આલમ ﷺનો હુકમ ન હતો. અથવા એ કે બની અબ્દુલ અશહલની સ્ત્રીઓએ માત્ર આંસૂ જ વહાવ્યાં હોય જે જાઈઝ છે, છાતી કૂટવી, વાળ ખેંચવા વગેરે મના છે અથવા પછી એ કે આવું શરૂમાં થયું અને એની છૂટ રહી હોય પછીથી મનાઈ કરવામાં આવ્યું હોય, જેમ કે શરૂમાં દારૂ મના ન હતો, પાછળથી તેની મનાઈ કરવામાં આવી. ઈસ્લામ આવ્યા પછી તરત જ નમાઝ ફર્ઝ ન થઈ બલ્કે કેટલાક વર્ષો પછી ફર્ઝ થઈ, એવી રીતે રોઝા અને ઝકાત હિ.સ. ૨માં ફઝ થયા.

બીજી રિવાયત ઈમામે હુસૈનની શહાદત પછી હઝરત અબ્બાસ બિન અલીનાં માં ઉમ્મુલ બનીન જન્નતુલ બકીઅમાં જતાં હતાં અને પોતાના ચારેવ બેટાઓને યાદ કરીને રડતાં હતાં. ઉમ્મુલ બનીનના ચારેવ બેટા હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہની સાથે કરબલામાં શહીદ





થઈ ગયા હતા.

એવી રીતે ઈમામ ઝૈનુલ આબેદીન, ઈમામ મુહમ્મદ બાક઼ર, ઈમામ જાફર સાદિક઼, ઈમામ અલી રઝા તથા અન્ય એહલે બૈત મુહર્રમનો ચાંદ જોઈ ગમ કરતા હતા. આવી અમુક બીજી રિવાયતો પણ મળે છે જેને તા'ઝીયાના સમર્થકો દલીલ બનાવે છે, જ્યારે કે હક઼ીક઼ત એ છે કે મૌજૂદા તા'ઝીયાદારીથી આ રિવાયતોને કોઈ લેવા દેવા નથી. (કારણ કે હવે તા'ઝીયાદારીના નામ પર ઢીંગા મસ્તી નાચ કરવામાં આવે છે.)

પહેલી અને બીજી સદી હિજરી સુધી આવી જ રીતે મુહર્રમ મનાવવામાં આવતી હતી ધીરે ધીરે તેમાં પ્રગતિ થઈ અને ત્રીજી તથા ચોથી સદી હિજરી સુધી વિવિધ મોક઼ાઓ પર જાહેર પ્રોગ્રામોમાં કર્બલાના વાક્યાઓ કંપાવી આપે તે રીતે તથા જોશ ચઢાવે તે રીતે બયાન થવા લાગ્યા.

## શીઆ બાદશાહો તા'ઝીયાના પ્રચારક તથા સમર્થક રહ્યા

તેનાથી શીઆ તથા સુન્ની એટલી હદે પ્રભાવિત થયા કે સુન્નીઓમાં એનો રિવાજ થઈ ગયો અને શીઆઓમાં એણે ઈબાદતનું સ્થાન પ્રાપ્ત કરી લીધું. હિ.સ. ૩૫૩ ઈ.સ. ૯૬૩માં જ્યારે બગદાદમાં દૈલમીઓનો પૂરેપૂરો ક઼બજો થયો તો તેમણે મુહર્રમના દિવસોમાં બજારોને હુકમથી બંધ કરાવ્યાં, પુરૂષોને હુકમ આપવામાં આવ્યો કે તે વિલાપ રૂદન કરે અને સ્ત્રીઓ સોગ પાળે અને માતમનાં જુલૂસો કઢાવવામાં આવ્યાં, સરકારી તૌર પર સોગ મનાવવાનો આ પહેલો વાક્યો છે.

હિ.સ. ૩૬૬, ઈ.સ. ૯૭૭માં અઝીઝ બિલ્લાહ ફાતમી (શીઆ)એ મિસર (ઈજિપ્ત)માં યૌમે હુસૈન મનાવ્યો, ફૌજી ઈન્કિલાબથી પહેલાં, મશહદ રઅ્સુલ હુસૈન મિસરમાં અગ્રેસર આલિમો તથા પબ્લિક એટલે સુધી કે ખૂદ શાહ ફારૂક જુલૂસની સાથે લીલી ચાદર મઝાર પર ચઢાવવા જતા અને ગમ મનાવતા હતા.

ઈરાનમાં તા'ઝીયાનો રિવાજ નથી. શબીહ અથવા તમ્षીલ (છબી તથા કોપી)નો રિવાજ છે. ઈરાકમાં પણ તા'ઝીયાનો રિવાજ નથી અલમ (ઝંડો) અને ઝુલજનાહ (પાંખોવાળો ઘોડો) કાઢવામાં આવે છે અને આ જુલૂસને મવકબ કહેવામાં આવે છે. જ્યારે કે આ બંનેવ દેશો શીઆઓ માટે મર્કઝનો દરજ્જો ધરાવે છે અને શીઆઓની દુનિયામાં સૌથી વધુ સંખ્યા ઈરાન અને ઈરાકમાં જ મળી આવે છે. તેનાથી માલૂમ થાય છે કે મૌજૂદા તા'ઝીયાદારી અને અને તે મૌક઼ા પર થતા રસમો રિવાજ ભારતની જ પેદાશ છે.

'નયાદૌર' લખનૌ અંક માર્ચ ઈ.સ. ૧૯૯૬ 'અવધ આઈનએ અય્યામમેં'માં ડોકટર અખ્તર બસ્તવીનો એક લેખ 'તહેવારોં કી મુશ્તરકા તહઝીબી નવઈય્યત'ના નામે પ્રસિદ્ધ થયો. આપ લખે છે, ''તા'ઝીયાં ભારતીય વસ્તુ છે, તેની પેદાશ ભારતમાં થઈ અને ભારતમાં જ તેને લોકપ્રિયતા મળી. કહે છે કે બાદશાહ તૈમૂર દર વર્ષે મુહર્રમના મૌક઼ા પર ઈમામ હુસૈન رضی اللہ عنہના મઝાર પર હાજરી આપતો હતો. જ્યારે તેણે ભારત પર હુમલો કર્યો તો જંગ વખતે જ મુહર્રમનો ચાંદ દેખાયો અને તેનું તે સમયે ઈમામે હુસૈનના મઝારે પહોંચવું શક્ય ન હતું એટલા માટે તેણે પોતાના સલાહકારોના મંતવ્ય પર અમલ કરતાં ઈમામ હુસૈનના રોઝાની શબીહ (આકૃતિ) આબેહૂબ નક઼લ બનાવડાવી અને તેને સામે રાખી શોક મનાવી પોતાની અક઼ીદત તથા શ્રદ્ધાને સંતોષી. તૈમૂરે જે શબીહ (આકૃતિ) બનાવડાવી હતી તે રોઝએ હુસૈનની આબેહૂબ કોપી હતી પરંતુ આગળ જતાં તેની શકલો સૂરત (સ્વરૂપ)માં બદલાવ આવ્યો.

મૌલાના ગુલામ રસૂલ સઈદી શારેહે મુસ્લિમે પોતાની શર્હે મુસ્લિમ શરીફના ભાગ–૧માં મશ્હૂર સૂફી બુઝુર્ગ હઝરત સૈયદ સાલાર મસ્ઊદ ગાઝી બેહરાઈચ શરીફ رحمۃ اللہ علیہના (નામથી નીકળતાં) તા'ઝીયા અને





સીતાપુરના બાવન કંડાવાળા તા'ઝીયાનો ઉલ્લેખ કરતાં લખે છે કે તે તા'ઝીયાઓનો સંબંધ પાંચમી અને સાતમી હિજરી સદીથી સંબંધિત છે. અવધમાં અઝાદારી (માતમ)ની શરૂઆત બાબરી મસ્જિદના ચબૂતરાથી થઈ. મુહર્રમના દસ દિવસ દરમિયાન મસ્જિદના ચબૂતરા પર તા'ઝીયો બનાવીને રાખ્યો એના પછી ફૈઝાબાદમાં તા'ઝીયાદારી શરૂ થઈ ગઈ. પરંતુ બાકાયદા રિવાજ ફૈઝાબાદમાં ત્યારે થયો જ્યારે નવાબ સફદરે જંગની પત્ની સદરે જહાંન બેગમે શહેરના મશ્હૂર મોતીબાગની પાછળ ઈ.સ. ૧૭૬૪માં ઈમામબાડા તા'મીર કરાવ્યો. ફૈઝાબાદમાં બીજો ઈમામબાડા શુજાઉદ્દૌલાની પત્ની બહુબેગમે તા'મીર કરાવ્યો. નવાબ શુજાઉદ્દૌલાને તા'ઝીયાદારીથી ખૂબ લગાવ હતો, એટલી હદે કે જંગના દિવસોમાં પણ તા'ઝીયાં બનતાં અને રસમો અદા થતી.

નવાબ આસિફુદ્દૌલાએ જ્યારે અવધની રાજધાનીને ફૈઝાબાદથી લખનૌ ફેરબદલ કરી તો માતમની રોનક સમેટાયને લખનૌ આવી ગઈ, જ્યારે કે બહુબેગમની મૌજૂદગીના કારણે ફૈઝાબાદમાં પણ માતમ નિયમાનુસાર ચાલુ રહી. લખનૌમાં આસિફુદ્દૌલાએ માતમના છોડવાને રોપીને ખૂબ પાણી આપ્યું ત્યાં સુધી કે તે એક મજબૂત ઝાડ બની ગયું. અન્ય જિલ્લાઓમાં પણ માતમ અને તા'ઝીયદારીને ફેલાવવા માટે આસિફુદ્દૌલાએ જાયદાદો વક઼ફ કરી. તા'ઝીયાદારી હૈદરાબાદ દક્કન, રામપુર, દિલ્હી જેવા અનેક શહેરોમાં થતી પરંતુ લખનૌ તેમાં આગવું સ્થળ હતું અને છે, આજે પણ લખનૌના ઈમામબાડાઓ પાછલા દિવસોનો અહવાલ વર્તમાન માહોલમાં બયાન કરતા નજર આવે છે. લખનૌમાં શાહી ઈમામબાડાઓ સિવાય અવામી તોર પર અલગ અલગ ઘરોમાં ઈમામબાડા અને તા'ઝીયાંઓ જોવામાં આવે છે.

*–(નયાદૌર લખનૌ, માર્ચ–૧૯૯૬)*

આગ્રાના કિલ્લાથી મુગલ તા'ઝીયાના નામથી તા'ઝીયાં નીકળે છે જેને અકબરના દૌરથી સંબંધિત કરે છે. આલમગીરના જમાનામાં પણ તા'ઝીયાં અને તા'ઝીયાના જુલૂસનો રિવાજ હતો, દિલ્હીના બાદશાહો તો સાતમી મુહર્રમથી ૧૦મી મુહર્રમ સુધી રસમો અદા કરતા હતા, એવી રીતે તા'ઝીયાદારીનો સિલસિલો અઢારમી ઈ.સ. સુધી પૂરા ભારતમાં વ્યાપી ગયો. હિંદુ, મુસ્લિમ, શીઆ, સુન્ની બધા પોત પોતાના તૌર તરીકાના અનુસાર મનાવવા લાગ્યા. *(શર્હે મુસ્લિમ શરીફ, ભાગ–૧)*

તા'ઝીયાની કદરો કિંમતનો અંદાઝો એનાથી લગાડી શકાય છે કે શીઆ નવાબો લાખો રૂપિયા ખર્ચ કરી સોના, ચાંદી, મીણનાં તા'ઝીયાં બનાવતાં, તેમને મુહર્રમના દિવસોમાં ખૂબ સજાવવામાં આવતાં, મર્ષિયા પઢતા. આ મૌકા પર કરબલાના વાકીઆ સાંભળી દુઃખ, ગમનો માહોલ ખડો થતો, છાતી કૂટવામાં આવતી, બૂમાબૂમ, રૂદન, વિલાપ એવી રીતે થતો કે જાણે કરબલાનો વાક્યો ૧૪૦૦ વર્ષ પહેલાં નથી થયો બલ્કે આજકાલની વાત છે ! સમયના બાદશાહો તિજારીઓનાં મોઢાં ખોલી દેતા, કિંમતીથી કિંમતી તા'ઝીયાં ઈમામબાડામાં મૂકાવતા, મર્ષિયા પઢનારાઓને ઈનામ અને ઈજ્જતથી નવાઝતા. ઈ.સ. ૧૭૯૪ અને ૧૭૯૫માં તા'ઝીયાદારી એટલી પ્રગતિ કરી ગઈ કે ૨૮ ઝીલ હજ્જથી લઈને ૧૩ મુહર્રમ સુધી આ સિલસિલો ચાલતો.

નવાબ વઝીર અલી બખ્શ બિન આસિફુદ્દૌલાને અંગ્રેજોની મદદથી કાઢી મૂકી જ્યારે નવાબ શુજાઉદ્દૌલાની બીજી પત્નીના બેટા સઆદત અલીખાનને નવાબ વઝીરનો દરજો આપવામાં આવ્યો તો નવાબ સઆદત અલીખાનના દૌરમાં પણ જેવી રીતે ફુનૂને લતીફા અને શેઅરો શાયરીમાં લખનૌને મર્કઝનો દરજ્જો મળ્યો તેવી જ રીતે તા'ઝીયાદારી પણ ફૂલી ફલીને ફેલાતી ગઈ.



મુહર્રમમાં શું જાઈઝ ? શું નાજાઈઝ ?

નવાબ સઆદતઅલીખાનનો દૌર તા'ઝીયા વિશે એટલા માટે પણ મહત્વ ધરાવે છે કે તે જ જમાનાથી લખનૌમાં ચાલીસાની શરૂઆત થઈ, તેમનાથી પહેલાં દસ મુહર્રમ પછી માતમ કરવાનું પૂરુ થઈ જતુ હતું, તે દૌરના એ મર્ષિયા પઢનાર મીર એહસાન અલીએ માતમની મુદ્દતને વધારી ચેહલ્લુમ (ચાલીસા)ની શરૂઆત કરી. ગાઝીયુદ્દીન હૈદરે નજફ અશરફ લખનૌમાં હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ના રોઝાની શબીહ (નકલ)ના તૌર પર એક ઈમામબાડો બનાવ્યો, ગાઝીયુદ્દીન હૈદરે શાહ નજફમાં માતમ માટે ઘણી દૌલત વક્ફ કરી, એક મોટી રકમ ઈસ્ટ ઈન્ડિયા કંપનીમાં જમા કરાવી જેથી વર્ષો વર્ષ આ સિલસિલો ચાલતો રહે.

ગાઝીયુદ્દીન હૈદરના બેટા નસીરુદ્દીન હૈદરના દૌરમાં બેગમ ગાઝીયુદ્દીન હૈદરની પત્નીની હુકૂમત ખાસી વધી ગઈ અને તેણે તા'ઝીયાની અમુક નવી રસમો વધારી અને તા'ઝીયાદારીને ૮ રબીઉલ અવ્વલ સુધી કરી દીધી. નસીરુદ્દીન હૈદરની હુકૂમતના પહેલા જ વર્ષમાં એ હુકમ જારી કરીને ચેહલ્લુમ (ચાલીસા) સુધી કોઈ પણ ખુશીની મેહફિલ કરવા પર પાબંદી લગાડવામાં આવી. અંગ્રેજ રેસીડન્ટે દખલગીરી કરી જેના કારણે નસીરુદ્દીને માતમને મરજીયાત કરી દીધું, પરંતુ તે વખત સુધી તા'ઝીયાદારી અને માતમદારીનાં મૂળો અવધમાં એટલાં મજબૂત થઈ ગયાં હતાં કે આમ જીવનમાં દાખલ થયાં હતાં. દરેક ખાસ તથા આમ રાજીખુશીથી ચાલીસા સુધી ખુશીની કોઈપણ મેહફિલ ન કરતા અને ન એવી મેહફિલોમાં હાજર થતા.

મતલબ કે **તા'ઝીયાદારી અને બીજા રસમો રિવાજને ફેલાવવામાં શીઆ હાકિમોનો મહત્વનો રોલ રહ્યો છે અને એ પણ જાહેર થઈ ગયું કે આ બધી વસ્તુઓ નજીકના જમાનાની પેદાશ છે અને તે ફેલાવવામાં બળ તથા માલનો મહત્વપૂર્ણ રોલ રહ્યો છે.**

**અહલે સુન્નત વ જમાઅતની માન્યતા** આ સિલસિલામાં એ છે કે મૌજૂદા (વર્તમાન) **તા'ઝીયાદારી જાઈઝ નથી.**

માતમ કરવું, વાળ ઉખાડવા, છાતી કૂટવી, આગ પર ચાલવું, મહેંદી વગેરેનો જુલૂસ આ બધુ મના છે. આ'લા હઝરત મૌલાના શાહ અહમદ રઝા ખાન ફાઝિલે બરેલ્વી, મૌલાના હકીમ અમજદ અલી આ'ઝમી, શેર બેશએ અહલે સુન્નત મૌલાના હશ્મત અલી પીલીભીતી અને મૌજૂદા દૌરમાં એહલે સુન્નત વ જમાઅતના કાબિલે ઈખ્તેયાર આલિમે દીન ફકીહે ઈસ્લામ હુઝૂર તાજુશ્શરીઅહ્ મુફતી મુહમ્મદ અખ્તર રઝાખાન કાદરી અઝહરી જાનશીને આ'લા હઝરતની કિતાબો અને ફત્વા તા'ઝીયાદારીના વિરુદ્ધ છે.

*–(અમજદિયહ્ ત્રિમાસિક ઉર્દૂ–ઘૌસી, જિ. મઉ, જાન્યુ. થી માર્ચ–૨૦૦૯)*

**ઈમામ આલી મકામ : હુસૈન !**

રોશન હૈ જો અઝલસે હી વો નામ હૈ : હુસૈન ! رضی اللہ عنہ
બુલંદ મરતબત બહોત આલી મકામ હૈ : હુસૈન ! رضی اللہ عنہ
કેહતે હૈ, ચંદ લોગ, ''થા યઝીદ અમીરે મોમેનીન'';
'ઉનકા અમીર હૈ યઝીદ', ''અપને ઈમામ હૈં : હુસૈન !'' رضی اللہ عنہ

***–'કમાલ' મુસ્તફાબાદી***




**બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો !**

**ઈલ્મે શરીઅત**ની રોશનીથી અંધકારમય દિલોને ઝગમગાવવા માટે, દીન તથા સુન્નિયતની મહોબ્બતનો ચિરાગ દિલોમાં રોશન કરવા માટે, ઈશ્કે મુસ્તફા ﷺ ની મીઠાશથી દિલોની દુનિયાને તરબતર કરી પ્યારા મુસ્તફા ﷺ ની દીવાનગીમાં તડપાવવા માટે, મઝહબે હક્ક **અહલે સુન્નત વ જમાઅત** યા'ને **મસ્લકે આ'લા હઝરત**નો ડંકો બજાવવા માટે **''બરકાતે ખ્વાજા''** માસિક આપની સેવામાં હાજર છે.

★ **''બરકાતે ખ્વાજા''** માસિકના **ગ્રાહક બનો** તથા **બનાવો.**
★ **''બરકાતે ખ્વાજા''** માસિકના **આજીવન ગ્રાહક** કે **પેટ્રન** બની બનાવીને સહકાર કરશો.
★ **કરન્ટ ઈસ્યૂ** પર તેમજ **દીની મસાઈલ** પર સચોટ હવાલાવાળા લેખો મોકલીને સહકાર કરશો.

**★ લવાજમ ★**

| | | | |
|---|---|---|---|
| ★ **વાર્ષિક લવાજમ** | રૂા. ૧૪૫/– | ★ **વિદેશ માટે** | £ 15/– |
| ★ **આજીવન** | રૂા. ૪૦૦૦/– | ★ **પેટ્રન ફી** | રૂા. ૧૮૦૦/– |
| ★ **વિદેશ માટે આજીવન** | £ 250/– | ★ **વિદેશ માટે પેટ્રન** | £ 150/– |

**★ સંપર્ક સરનામુ ★**

**બરકાતે ખ્વાજા (માસિક)**, C/o. ઈસ્લામિક વેલ્ફેર મિશન,
ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ.
પિન : ૩૯૨૦૨૦. ગુજરાત (ઈન્ડિયા)
✆ : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧